# સહજ-સત્સંગ

Year : 1 Issue : 10 Dt. 1-11-2013 Page - 52 માસિક



ષષ્ઠ સપ્તર્ષિ - જમદગ્નિ



# મા મીરાંબિકા

All the years you pass without making
any progress are wasted years.

- The Mother

## સાચી પ્રગતિ

ભાવાનુવાદ

જીવન છે વિકાસ માટે, પ્રભુએ આપ્યું, અમૂલ્ય એ,
જો ચેતનાનો વિકાસ ન હો, તો વ્યર્થ કાળ ગયો જ છે.
બાહ્ય-ધન, માન, કુટુંબ-સુખ, દીર્ઘજીવન ન વિકાસ એ,
અધ્યાત્મ જીવ્યું જીવન મહિ, એ જ વિકાસ સાચો ગણે.
બાકી બધું પોષક બને, જીવન-પાસાં વિકસાવીને,
બધું ખીલવે પ્રભુ - હાજરી, એ સત્ય તું જાણી જ લે.

- શ્રી માતાજી

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

### ચેતનાની બે સંવાદી બાજુઓ

(તા.૦૬.૧૦.૧૯૧૪ - પૃ.૧૮૯)



હે મધુર મા, તારે મને અવિરતપણે તારા સ્વરૂપ બની રહેતા શીખવવાની જરૂર છે. મને વધુને વધુ તારા સાધનરૂપ બનાવ સર્વકાંઈ નિશ્ચલ અને નિર્મળ છે. કશો સંઘર્ષ નથી. કોઈ દુઃખ નથી. મારી અભીપ્સા પણ અમાપ શાંતિ રૂપ ધારણ કરી રહી છે. છતાં તેની ઉત્કટતામાં ઘટ નથી જ.

ચેતનાના સિક્કાની જાણે બે બાજુઓ છે. ઉપર જણાવેલી (સંવાદી સક્રિયતાની) સ્થિતિ સવળી બાજુ છે તો અનંત (નિષ્ક્રિય) નિશ્ચળ સ્વરૂપની અવિકારી નિર્મળતા એ અવળી બાજુ છે. તેમાં ફેરફારનો અવકાશ નથી. તેમાં સર્વ કાંઈ રહેલ છે. આ નિર્મળતામાં જ વણથંભી ગતિ ચાલી રહી છે.

પ્રભુ, તારા માટે આ ચેતનામાં સિક્કાની બન્ને બાજુ એક સરખી જ મહત્ત્વની છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (ચેતનાની બે સંવાદી બાજુઓ) | ૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ |
| **દિવ્યજીવન** (વ્યક્તિની મહત્તા) | ૯ |
| **માતૃવાણી** (નિદ્રા અને સપનાંઓ - | ૧૧ |
| **સાવિત્રી** (પ્રભુનું વચન) | ૧૩ |
| **યોગ વિષે પત્રો** (વ્યક્તિગત અને વૈશ્વિક સ્તરો) | ૧૭ |
| **જાતક કથાઓ** (લોભિયાની અવગતિ) | ૨૧ |
| **ઉપનિષદો** (ચેતનાની જન્મ અને અજન્માની સ્થિતિ) | ૨૨ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૬ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** | |
| (પૂર્ણયોગમાં કર્મનું સ્થાન) | ૩૦ |

| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** | |
| (સનાતન યુવાનીનું રહસ્ય) | ૩૪ |
| **યોગ પર દીપ્તિઓ** (પરા અને અપરા પ્રકૃતિ) | ૩૬ |
| **સાંજના વાર્તાલાપો** (યોગસિદ્ધિઓનો વિવેકપૂર્ણ સ્વીકાર) | ૩૮ |
| **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા - સોમ | ૪૦ |
| **યોગનાં મૂળતત્ત્વો** (શ્રદ્ધા) | ૪૩ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| (સંપ્રદાયોનું અસ્તિત્વ (૫૧-૫૨) | |
| દેવોનું મર્યાદિત મહત્ત્વ (૫૩) | ૪૫ |
| **૨૪ નવેમ્બર - અધિમનસ** | |
| **સિદ્ધિદિન - દર્શનદિન** | ૪૮ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

## સહજ-સત્સંગ

**અંક : ૧૦ વર્ષ : ૧**
**નવેમ્બર - ૨૦૧૩**



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**



**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# ચેતનાની બે સંવાદી બાજુઓ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

મધુર મા, તને મારી વિનંતિ છે મને અહર્નિશ તારા સ્વરૂપ બની રહેવાનું તું શીખવ. તારા પૂર્ણ આવિર્ભાવનું ઉત્તમ કરણ બનાવ. હું તને પૂર્ણ સમર્પિત છું.

મારી ચેતનામાં બધું જ નિર્મળ અને નિશ્ચળ બની ગયું છે. નથી સંઘર્ષ કે નથી દુઃખ મારી અભીપ્સાએ પણ વિશાળ શાંતિનું રૂપ ધારણ કરેલ છે પણ તે વિશાળતાને કારણે તેની ઉત્કટતામાં, સક્રિયતામાં તસુભાર પણ ઉણપ આવી નથી.

મારી ચેતનાની જાણે બે અવિભાજ્ય બાજુઓ છે ઉપર જણાવેલી ચેતનાની સ્થિતિ એ સવળી બાજુ છે તો અવળી બાજુ તરીકે મારી ચેતના એક શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ અસીમ નિર્મળતાનો વિસ્તાર બની તેને જગમાં અખંડ રીતે પથરાયેલી હું અનુભવું છું. આ બાજુમાં સનાતન અવિકારીપણું છે. તેમાં વિકારોને લીધે ફેરફાર થવો જ શક્ય નથી. તેમાં દરેક વસ્તુ પોતાનું સૂક્ષ્મ, પ્રભુના સંકલ્પ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે અને તેમની વણથંભી પ્રગતિ થતી અનુભવાય છે.

પ્રભુ તારા માટે બન્ને બાજુ સરખી જ મહત્વની છે અને તેમનામાં કોઈ વિસંવાદ પણ નથી. માતાજીની ચેતનાની સંવાદિતાએ તે બન્ને ને પૂર્ણ સંવાદમાં રાખેલી છે. બન્ને મળી એક સંકુલ રચે છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

## પૂર્વભૂમિકા

- જ્યોતિબેન થાનકી

આ અતિમનસ ચેતનાનું દેહની ભૂમિકામાં અવતરણ અને એ દ્વારા મન, પ્રાણ અને શરીરનું દિવ્ય રૂપાંતર એ શ્રી અરવિન્દનું માનવજાતિને મુખ્ય પ્રદાન છે. પરંતુ આ અતિમનસ શું છે ? શ્રી અરવિન્દે એનું સ્થૂલ ભૂમિકામાં અવતરણ કરાવ્યું તો એનું પરિણામ શું છે ? શ્રી અરવિન્દે જે સાધનાપથ સાધ્યો છે, તે પણ ક્યો છે ? તે સાધના શી રીતે થઈ શકે ? એવા અનેક પ્રશ્નો આપણાં મનમાં ઊઠે એ સ્વાભાવિક છે. શ્રી અરવિન્દના દર્શનને સમજવા માટે ઉત્ક્રાંતિ, અતિમનસ, પૂર્ણયોગ, આરોહણ અને અવતરણ અને દિવ્યજીવન - આ પાંચ ખ્યાલો સમજવા જરૂરી છે, અને એમાં જ શ્રી અરવિન્દનું પ્રદાન રહેલું છે. આપણે સર્વપ્રથમ ઉત્ક્રાંતિ વિશે જોઈએ.

**શ્રી અરવિન્દે આપેલું ઉત્ક્રાંતિનું નવું જ દર્શન :**

પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોના મત પ્રમાણે એકકોષી જીવ અમીબામાંથી વિકાસ પામતાં પામતાં લાખો વર્ષ બાદ આજનો મનુષ્ય સર્જાયો છે. ડાર્વિનનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત એમ જણાવે છે કે વાંદરામાંથી લાખો વરસે મનુષ્ય સર્જાયો અને વિકાસ પામતાં પામતાં આજનો મનુષ્ય બન્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ દ્વારા મનુષ્યે અનેક પ્રકારની સિદ્ધિઓ હાંસલ કરી છે અને હજુ ય તેની વિકાસયાત્રા વણથંભી ચાલુ જ છે. પરંતુ ડાર્વિન અને પશ્ચિમના વૈજ્ઞાનિકો મનુષ્યને જ ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન માને છે. માનવ પછી અતિમાનવની શક્યતા તેઓ સ્વીકારતા નથી.

જ્યારે શ્રી અરવિન્દ મનુષ્યને વચગાળાનું પ્રાણી માને છે. પશુચેતનામાંથી જે રીતે મનુષ્ય ઉત્ક્રાંત થયો એ જ રીતે મનુષ્યમાંથી અતિમાનવ કે દેવમનુષ્ય સર્જાશે એમ તેઓ જણાવે છે. ઉત્ક્રાંતિની સમજૂતી આપતા શ્રી અરવિન્દ કહે છે કે આ જગતની ઉત્પત્તિના મૂળમાં પરમાત્માની જ ચેતના રહેલી છે. ભૌતિક વિશ્વના સર્જન માટે એ ચેતનાએ બાહ્ય અચિત્‌માં ભૂસકો માર્યો અને હવે એ અચિત્‌માંથી

ક્રમશઃ તે પુનઃ આવિર્ભાવ પામી રહી છે. પરમાત્માની એ પૂર્ણચેતના જ્યારે અચિત્‌માં ઊતરી ત્યારે તે પોતાની અંદર જુદી જુદી ભૂમિકાની શક્તિઓ લઈને આવી હતી પણ એ ઘન અચિત્‌ના પેટાળમાં લુપ્ત થઈ ગઈ. એ અચિત્‌માંથી જ સર્જનનો પ્રારંભ થયો છે. એ અચિત્‌માંથી સંગઠિત જડતત્ત્વમાં પેલી ચેતના પૂરેપૂરી ઢંકાયેલી હતી. લાખો વરસે એ જડતત્ત્વ મુલાયમ બનતાં ઊર્ધ્વમાંથી પ્રાણતત્ત્વે દબાણ કરતાં તેની અંદર જે પ્રાણશક્તિ હતી તે જાગૃત થઈ અને જડપદાર્થમાં જીવનનો સંચાર થયો. વનસ્પતિ સર્જાઈ. આ ઉત્ક્રાંતિનું બીજું સોપાન હતું. પ્રથમ સોપાન હતું જડતત્ત્વ. જેમ જેમ જડતત્ત્વ પ્રાણશક્તિને પચાવતું ગયું તેમ તેમ બંનેના સંયોગથી પ્રાણીઓ સર્જાવા લાગ્યા. શરૂઆતમાં જડતત્ત્વ વધારે ને પ્રાણતત્ત્વ ઓછું એવા વિરાટકાય પ્રાણીઓ હતાં. પણ પછી જડતત્ત્વે પ્રાણશક્તિને વધુ ને વધુ પ્રમાણમાં પચાવતાં જડદ્રવ્ય ઓછું અને પ્રાણશક્તિ વધારે તેવાં ચપળ પ્રાણીઓ અસ્તિત્ત્વમાં આવ્યાં. જડતત્ત્વ વધુ મુલાયમ બનતાં ઊર્ધ્વમાંથી મનસતત્ત્વે દબાણ કરતાં જડતત્ત્વમાં અંતર્નિહિત જે મનની શક્તિ હતી તે પ્રગટ થઈ. આ મનની શક્તિ પ્રાણશક્તિ કરતાં વધારે ઊંચી ભૂમિકાની હતી. આ શક્તિ જડતત્ત્વમાં સક્રિય બનતાં હવે પ્રાણીઓ કરતાં જુદી જ ચેતનાવાળા માનવો સર્જાયા. આ મનની ઊંચી શક્તિ પ્રમાણે તેમના દેહનો આકાર બદલાવા લાગ્યો. ઉન્નત મસ્તક, ટટ્ટાર દેહ, બે પગ બે હાથ ને ચારે દિશામાં જોઈ શકે તેવું નવું જ પ્રાણી અસ્તિત્ત્વમાં આવ્યું. મનની શક્તિ વિકસવા લાગી તેમ તેમ એ શક્તિને અનુરૂપ દેહ ઘણો જ સુંદર બન્યો. બુદ્ધિનો વિકાસ થતાં સુંદર માનવજીવન રચાયું. અને આ હતો પ્રકૃતિનો. ઉત્ક્રાંતિનો ત્રીજો તબક્કો. મનની શક્તિથી સંચારિત થતાં મનુષ્યનો, ઉત્ક્રાંતિના ક્રમ પ્રમાણે જ્યારે જડતત્ત્વ મનની શક્તિને પૂરેપૂરી પચાવી લેશે. પછી ઊર્ધ્વમાંથી મનથી ઊંચેની શક્તિ-પરમાત્માની પૂર્ણશક્તિ જેને શ્રી અરવિન્દ અતિમનસ કહે છે. એ શક્તિ દબાણ કરતાં જડતત્ત્વમાં અંતર્નિહિત રહેલી પરમ ચેતના - પરમાત્માની શક્તિ અતિમનસ શક્તિ પ્રગટ થશે. એ શક્તિથી સંચારિત થતું શરીર પણ બદલાઈ જશે. એ દિવ્ય શરીરવાળા દિવ્ય મનુષ્યો એ ઉત્ક્રાંતિનું અંતિમ શિખર છે. એ ચેતનાના વિકાસમાં પ્રકૃતિનું ચોથું પગલું છે. આ પગલું શ્રી અરવિન્દે સમગ્ર

માનવજાતિને માટે ભરીને અતિમનસ શક્તિનું પાર્થિવ ચેતનામાં અવતરણ કરાવ્યું છે. આ વિશે શ્રી અરવિન્દે પોતાના એક શિષ્યને પત્રમાં લખી જણાવ્યું હતું કે વાસ્તવમાં અતિમનસ તો અહીં હાજર છે. પરંતુ એ પ્રકટ મન, પ્રાણ તથા પદાર્થતત્ત્વની પાછળ સંતાયેલું છે. પ્રકટ સ્વરૂપે તેણે પાતાની જ શક્તિથી કાર્ય કર્યું નથી - અને એ જો કાર્ય કરે છે, તો આ ઊતરતી કક્ષાની પ્રગટ શક્તિઓના માધ્યમથી રૂપાંતરિત થઈ જાય છે. એટલે આપણને એની જાણ થતી નથી. મન અને પ્રાણ એ જડતત્ત્વમાં હતાં જ એટલે તેઓ ઉત્ક્રાંતિ દ્વારા પ્રગટ થઈ શક્યાં. જે અંતર્ભૂત હોય તે જ પ્રગટ થાય છે. જો આમ ન હોત તો પ્રકટીકરણની ક્રિયા જ ન સંભવે.'' આ રીતે જોતાં હવે જડતત્ત્વમાં લુપ્ત થએલ પરમાત્માની પૂર્ણચેતના - અતિમનસ પણ હવે પ્રગટશે. પણ જેમ જડતત્ત્વની સૃષ્ટિ આવતાં લાખો વરસ વીતી ગયાં એમ હજુ હજારો વર્ષ બાદ જડતત્ત્વ એટલું મુલાયમ અને નમનીય બને અને સંપૂર્ણ વિશુદ્ધ બને ત્યારે તે પરમાત્માની ચેતનાને ધારણ કરી શકે. ત્યારે તેમાં રહેલી એ શક્તિ પ્રગટ થાય. આ વિશે સમજાવતાં શ્રી અરવિન્દ કહે છે કે ''ઉત્ક્રાંતિમાં વધારે ને વધારે ઉચ્ચત્તર ચેતનાની શક્તિનું અવતરણ થતું રહ્યું છે. પણ સહુથી વધુ ઉચ્ચત્તર ચેતનાનું અવતરણ થવાનું હજુ બાકી છે. આ ચેતનાના અવતરણથી જગતના અસ્તિત્ત્વની સમસ્યાનો ઉકેલ આવી જશે. એટલું જ નહીં પણ આત્મા અને ખુદ પ્રકૃતિની પણ મુક્તિ બની રહેશે. (ક્રમશઃ)

## નૂતન વર્ષાભિનંદન

સહજ સત્સંગના સર્વે દાતાઓ, ગ્રાહકો, વાંચકો, ચાહકોને નૂતનવર્ષ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની અસીમ કૃપાથી યોગસાધનામાં તેમજ ભૌતિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક તથા વ્યક્તિગત જીવનમાં, પ્રગતિકારક, સાચી શાંતિ, આનંદ અને સમજણ લાવનાર, પ્રભુ તથા જગન્માતા પ્રત્યે બિનશરતી સંપૂર્ણ સમર્પણ લાવી આપનાર, નૂતન જગતના આવિર્ભાવમાં મદદરૂપ બનનાર નિવડે એવી પરમ-પ્રભુ ચરણે પ્રાર્થના.

**- ટ્રસ્ટી મંડળ**

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## વ્યક્તિની મહત્તા

પ્રકરણ - ૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પરંતુ આ બધી એકતાઓ અંતે તો પોતપોતાની કક્ષાની હોય છે. આવી એકતા ધરાવતા અનેક એકમો હોય છે. તેથી આવી એકતા એ મૂળભૂત એકતાનાં આંશિક આવિર્ભાવો જ બની જાય છે.

જ્યારે પરા-ચેતના મારફત એકતા પ્રકટ થતી હોય છે. ત્યારે તે અખંડ અને સર્વાંગપૂર્ણ એકતા પ્રકટ થતી હોય છે. તે અવચેતન મારફત પ્રકટ થતી એકતાની જેમ અજ્ઞાન ઉપર આધારીત હોતી નથી. તેમજ ચેતન કક્ષાએ પ્રકટ થતી એકતાની જેમ માનસિક આદર્શો ઉપર આધારિત હોતી નથી પણ 'પ્રજ્ઞાન' ઉપર આધારીત હોય છે. પ્રજ્ઞાન એટલે અનુભવસિદ્ધ જ્ઞાન. ફક્ત શાબ્દિક નહિ. ફક્ત વિવરણાત્મક નહિ પણ વાસ્તવિક જ્ઞાન. પરમ-ચેતનામાં સ્થિર થતાં જ આવું જ્ઞાન પ્રકટ થાય છે. તેથી જ વેદો ''પ્રજ્ઞાનં બ્રહ્મ'' એવું જણાવે છે. આવી એકતામાં વિવિધતા પણ હોય છે પણ તે એકતાને ખંડિત કરતી નથી. તેથી ઉલટું વિવિધતા એકતાના જ અનંત પાસાઓને પ્રકટ કરવામાં મદદરૂપ થતી હોય છે. વિવિધતા એ એકતાની વધારે સમૃદ્ધતા દર્શાવે છે. એ એકતા એવી મૂળભૂત હોય છે કે તેમાં વિવિધતા ભંગ પાડી શકતી નથી.

આ આખી પ્રભુના સંકલ્પને પ્રકટ કરતી પ્રક્રિયા અંતે તો વ્યક્તિ મારફત જ શરૂ થતી હોય છે અને આ પ્રક્રિયાની શરૂઆત વ્યક્તિના મોક્ષથી થાય છે. તેથી વ્યક્તિની મોક્ષ પ્રાપ્તિ આ સમગ્ર પ્રક્રિયાનું આરંભ બિન્દુ બની જાય છે. આ પ્રક્રિયા મોક્ષ પહેલા થતી હતી પણ અભાન રીતે. મોક્ષ બાદ તે સભાન રીતે થાય છે. તેથી આ સભાન પ્રક્રિયાનું આરંભ બિન્દુ બની જાય છે. વ્યક્તિ આ પ્રક્રિયાનું પ્રથમ સભાન માધ્યમ અને કરણ છે. આ પ્રક્રિયા તે બાદ ક્ષિતિજ સમકક્ષ અને

ઉર્ધ્વસમકક્ષ રીતે ફેલાય છે. મુક્ત માનવ અન્ય સાધકને માર્ગદર્શન આપી તેને પણ મોક્ષ પ્રત્યે લઈ જાય છે. આ ક્ષિતિજસમકક્ષ ફેલાવો ગણાય જ્યારે આ મુક્ત માનવ માનવથી પણ ઉર્ધ્વકક્ષાના દૈવી સ્વરૂપોનું સહકાર્ય મેળવી આ પ્રક્રિયાને ઉર્ધ્વસ્તરોમાં પણ સક્રિય કરે છે. ત્યારે તે ઉર્ધ્વસમકક્ષ ફેલાવો કહી શકાય. વધારે સ્પષ્ટ કહેવું હોય તો વ્યક્તિ કક્ષાની એકતાનો અનુભવ વૈશ્વિક કક્ષાએ અને તે બાદ વિશ્વાતીત કક્ષાએ પણ જ્યારે વ્યક્તિ અનુભવે છે ત્યારે તે એકતા વધારે સર્વાંગપૂર્ણ બનતી જાય છે. આ પ્રકારની એકતા વધારે સત્ય અને વધારે વાસ્તવિક હોય છે.

પરમ પ્રભુના આ આવિર્ભાવની પ્રક્રિયામાં મુક્તિ બે રીતે માણવાની પરમ-ચેતનાએ છૂટ આપેલી છે. એક મુક્તિ એટલે નિર્વાણ અવસ્થા છે. જેમાં વ્યક્તિ મુક્ત થયા બાદ આ આવિર્ભાવની રમતમાંથી બહાર નીકળીને પરમ-ચેતનાના અચલ નિષ્ક્રિય પાસા સાથે એકરૂપ થઈને મુક્તિ માણે છે. આવી મુક્ત વ્યક્તિઓ નિવૃત્ત પંથી હોય છે. બીજો મુક્ત વ્યક્તિ, મુક્ત હોવા છતાં તે પરમ-ચેતનાનું માધ્યમ અને કરણ બનીને તેનો સંકલ્પ સાધ્ય કરવા મથતો હોય છે. તેમા એક પ્રકારનો વૈશ્વિક કરૂણાભાવ જન્મ્યો હોય છે અને તે ગૌતમબુદ્ધની જેમ બધાંની મુક્તિ બાદ જ પોતાની મુક્તિ માણવા માંગે છે. આ પ્રવૃત્ત માર્ગીઓની મુક્તિ છે.

આ બંને પૈકી કોઈ પણ પ્રકારની મુક્તિનો માર્ગ સ્વીકારાની સ્વતંત્રતા અને છૂટ પરમ પ્રભુએ આપેલી છે.

દિવ્ય-જીવનને ઈચ્છતો સાધક એવું વિચારે છે કે જો પ્રભુ આંતરિક રીતે તદ્દન નિવૃત્ત અને બાહ્ય રીતે આવિર્ભાવની ક્રિયામાં રત હોઈ શકે છે તો તેના અંશ તરીકે શું તે આ બંને માર્ગનો યોગ્ય સમન્વય ન સાધી શકે ? શું તે આંતરિક રીતે આ બધાં જ કાર્યકલાપોથી મુક્ત અસંગ, અચલ, ચેતના તરીકે પ્રતિષ્ઠિત રહીને બાહ્ય જીવનમાં પ્રભુના કરણ તરીકે કાર્ય કરતું કરણ ન બની શકે ? ગીતા આવી અવસ્થાને કુશળતાથી કર્મો કરવાનો યોગ તરીકે વર્ણવે છે. 'યોગ કર્મસુ કૌશલમ્'. સાધક કર્મનો કર્તા અને અકર્તા બંને બની રહે છે. તે સક્રિય અને નિષ્ક્રિય ચેતના બંને બની જાય છે. કર્મ કરવા છતાં તેનાં બંધનો તેને ન સ્પર્શે એવી કુશળતામાં તે પાવરધો બની ગયો હોય છે. દિવ્ય-જીવનમાં પરિપૂર્ણતા ત્યારે જ આવશે જ્યારે તે

(અનુ.પૃ.૧૬ ઉપર)

# નિદ્રા અને સપનાંઓ

**(માતૃવાણી ભા.-૧૫, પૃ.૧૦૭-૧૧૨)**

પ્રકરણ - ૩૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ અવચેતન પણ સમય જાણે છે. તમારા સંકલ્પને આધીન થઈ તે યોગ્ય સમયે તમને જગાડે છે. પૃ.૧૦૭

૨ સૂતાં પહેલા લાંબા થઈ વિચારોને શાંત પાડતા-પાડતા નિદ્રાધીન થાઓ તો ઊંઘ સારી આવશે, નહિ તો નિદ્રાથી તારોતાજા નહિ થાઓ. થાકેલા ઊઠશો. પૃ.૧૦૭

૩ નિયમિત નિદ્રા સારું અને એકાગ્રતાપૂર્ણ કામ કરવા માટે જરૂરી છે. પૃ.૧૦૮

૪ નિદ્રા એક શાળા જેવું કામ બે રીતે કરે છે :

૧ આંતર-સ્વરૂપને વધુ સચેતન કરી તમે તેની દ્વારા સૂક્ષ્મ-જગતો વિષે ઘણું જાણી શકો છો.

૨ ઉચ્ચતર-સાધનામાં દિવસના ઉપયોગ પ્રમાણે રાત્રીનો પણ ઉપયોગ સાધનામાં કરવામાં આવે છે.

ઊંઘ દરમિયાન પણ સાધના ચાલુ રાખવાની ટેવ અવચેતનની મદદથી પાડી શકાય છે. પૃ.૧૦૮

૫ ઊંઘને અવચેતન ઉપરના સચેતન કાબૂ દ્વારા વધુ ને વધુ સભાન, સચેતન કરી શકાય છે. પૃ.૧૦૮

૬ ખોરાક ઓછો કરવાથી ઊંઘ સચેતન બનતી નથી. ઊંડી શાંત નિદ્રામાં જ અવચેતન ઉપર સંકલ્પબળ વાપરી પોતાના સ્વરૂપના ઊંડાણભર્યા પ્રદેશોમાં પ્રવેશી શકાય છે. પૃ.૧૦૮

૭ સાધના માટે પૂરતો આરામ પણ જરૂરી છે. તે તમારું સંતુલન સાચવી રાખે છે. પૃ.૧૦૯

૮ આરામમાં આંતરિક-એકાગ્રતા હોવી જોઇએ.અભાનતાની જડતા નહિ. પૃ.૧૦૯

૯ ખોરાક લેતા પહેલાં શાંતિપૂર્ણ આરામની જરૂર છે તેમ ઊંઘતા પહેલાં પણ તેવા જ આરામની જરૂર છે. પૃ.૧૦૯

૧૦ શરીરને ઢીલું મૂકો, આરામથી લંબાવો. શરીરની નાડીઓને શિથિલ કરો - એકીસાથે અથવા એક પછી એક. શરીરને નરમ ચીંથરા જેવું બનાવી દો. મગજને શાંત, અચંચળ બનાવો. તે અવસ્થામાં ઊંઘમાં સરી પડો. તમે સવારે શક્તિથી ભરપૂર હશો. આ માટે અભ્યાસની જરૂર છે.

જડ, અચતેન નિદ્રામાં તમારી પ્રાણશક્તિ વેડફાય છે, તેથી સવારે તમે થાકેલા ઊઠશો. પૃ.૧૧૦

૧૧ ઊંઘમાં સરી પડતા પહેલાં પોતાની જાતને પ્રભુને અર્પણ કરવાનો ભાવ રચો. પૃ.૧૧૦

**સ્વપ્નાંઓ**

૧ દરેકનું પ્રતીક વાપરવાની અલગ-અલગ પદ્ધતિ હોવાથી સપનાંઓનો અર્થ લગાડવો મુશ્કેલ જાય છે. પૃ.૧૧૦

૨ ઘણાં ખરાં સપનાંઓમાં સામાજિક વાતાવરણ પ્રત્યેના અવચેતને આપેલા પ્રત્યાઘાતો હોય છે. તે બધાં અવચેતનમાંથી પ્રગટ થાય છે. અવચેતનના નીચેની પરા-ચેતનામાંથી અથવા ચૈત્યપુરુષમાંથી, આંતરસ્વરૂપ પ્રગટ થતાં સપનાંઓ વધારે અર્થપૂર્ણ, માર્ગદર્શક અને સૂચક હોય છે. પૃ.૧૧૦

૩ સપનામાં શ્રી અરવિન્દ અથવા શ્રી માતાજીની હાજરી અનુભવાય તો તે વાસ્તવિકતા હોય છે, સ્વપ્નું નહિ. પૃ.૧૧૧

૪ આપણા સ્વરૂપમાં છ સર્જનશક્તિની પીઠિકાઓ છે. તે પૈકી છેલ્લી એક ઉપર હજી અસુરોનો કબજો છે. તે છ પીઠિકાઓ છે આધ્યાત્મિક, ચૈતસિક, મનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ અને ભૌતિક. આ છ પીઠિકાઓ પૈકી કોઇ પણ કેન્દ્રમાંથી સ્વપ્ન ઉપર અસર થઈ શકે છે. પૃ.૧૧૨

૫ માણસ પોતાના સપના ઉપર કાબૂ રાખીને ઘણું શીખી શકે છે. પૃ.૧૧૨

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રભુનું વચન

પ્રકરણ-૨૨

(Savitri B-1, C-4, P-59-60)

One who has shaped this world is ever its lord:
Our errors are his steps upon the way;
He works through the fierce vicissitudes of our lives
He works through the hard breath of battle and toil.
He works through our sins and sorrows and our tears,
His knowledge overrules our nescience;
Whatever the appearance we must bear.
Whatever our strong ills and present fate.
When nothing we can see but drift and bale,
A mighty Guidance leads us still through all.

જેમ કરોળિયો પોતાની લાળમાંથી જ પોતાને રહેવા માટે જાળું નિર્માણ કરે છે તેમ પ્રભુએ પોતાની પ્રજ્ઞા-શક્તિથી આ જગત રચ્યું છે અને તે પ્રજ્ઞા-શકિત પ્રભુના સંકલ્પને આધીન રહી કાર્ય કરે છે. આ પ્રજ્ઞા-શક્તિ જ આદ્યાશક્તિ છે, અદિતિ છે. તેની દ્વારા જ પ્રભુ સમગ્રવિશ્વનું સંચાલન કરે છે અને તેના સંચાલન સામે કોઈ ટકી શકતું નથી. કારણ તેમના સંચાલનના ક્ષેત્રની બહાર કોઈ વસ્તુ કે વ્યકિત જ નથી. અદિવ્યશક્તિઓ પણ તેના ગુપ્ત સંચાલન મુજબ જ કાર્ય કરતી હોય છે, તેથી પ્રભુ પોતે જ વિશ્વનાથ છે. જગતનાં માલિક છે. જગત પ્રભુની બહાર નથી જ. તે

પ્રભુના અંગભૂત જ છે તેથી તેઓ જ કાયમી વિશ્વનાથ રહેવાના છે. (ever its lord)

જો પ્રભુનું જ સંચાલન છે અને તે સર્વજ્ઞ, સર્વસમર્થ અને સર્વનાં સ્વામી છે તો આપણે જે જીવનમાં ભૂલો કરીએ છીએ તે શા માટે થાય છે ? શું પ્રભુનું સંચાલન અધૂરું છે ? ના, તેવું નથી. પ્રભુનું સંચાલન તો સ્વયંપૂર્ણ છે તેથી પણ ભૂલોનું પણ અસ્તિત્વ સ્વીકારવું એ જ તો પ્રભુની પૂર્ણતા છે. માનવ જેને ભૂલો ગણે છે તે તેની ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો જ એક ભાગ છે. લોખંડને ઘાટ આપવા તપાવવું પડે છે અને ટીપીને ઘાટ આપ્યા બાદ તેને પાણીમાં ઠારવું પડે છે. જો કોઈ કહે કે છેલ્લે ઠારવું જ પડે છે, તો તપાવો જ છો શા માટે ? તો તેની પોતાની ગેરસમજ અથવા ધાતુવિષયક જ્ઞાનની અધૂરપ છે. પ્રભુ પોતે સર્વસમર્થ હોવાથી તેઓ સંપૂર્ણ સ્વતંત્ર છે. તેમણે તે જ અધિકાર પોતાના અંશસ્વરૂપ વસ્તુમાત્રને પણ આપેલો છે. લોખંડની પોતાની પ્રકૃતિ છે. તે તપાવ્યા વગર કૂણું પડતું નથી. સ્વતંત્રતા હેઠળ પ્રભુએ તેને આ સ્વભાવને અનુસરવાની સ્વતંત્રતા આપી છે. તેવી જ રીતે માનવોને સ્વાતંત્ર્ય આપેલું જ છે. તેઓ પોતાના સ્વભાવ અનુસાર ભૂલો કરી શકે છે. તેમાંથી સુધારો પણ કરી શકે છે. પ્રભુ એટલા સમર્થ છે કે તે માનવોની ભૂલો મારફત પણ પોતાનો સંકલ્પ સાધે છે, ત્યારે માનવની ભૂલો પણ પણ તેના વિકાસના તબક્કા બની જાય છે. પ્રભુ આપણા આસપાસની વિનાશક ભયંકર પરિસ્થિતિ હોય (fierce vicissitudes) તો તેનો પણ શીફતથી ઉપયોગ કરીને આપણી પ્રગતિ કરાવે છે. આપણા પાપો અને તેથી નિર્માણ થતાં દુ:ખો અને દુ:ખોમાંથી રચાતાં પશ્ચાતાપનાં અશ્રુ (sins and sorrows and our tears) આ બધાંનો પણ તે તેવી જ રીતે ઉપયોગ કરી લે છે.

આપણા અજ્ઞાન અને અવચેતન તથા અચેતન-મનની આપણી પ્રકૃતિ ઉપરની પકડ કેટલી પણ મજબૂત હોય પણ પ્રભુ આ અચિત્ અને અજ્ઞાનનો ઉપયોગ કરીને જ તેમના પ્રયત્નોને નિષ્ફળ બનાવી દે છે (overrules) તેમનું પૂર્ણજ્ઞાન તે અચિત્‌ને (nescience) નિષ્પ્રભ કરી નાખે છે. આપણી પ્રવૃત્તિનો બાહ્યઘાટ (appearance) ગમે તેટલો ખરાબ હોય તે પ્રકૃતિમાં કેટલી પણ

ગંભીર ખામીઓ (ills) હોય, ગત કર્મના પરિણામ સ્વરૂપ કેવું પણ મહાન દુર્ભાગ્ય હાલના તબક્કે રચાયું હોય (fate) જ્યારે આવી નિરાશાજનક સ્થિતિમાં આપણને એમ લાગે છે કે પરિસ્થિતિનાં થપેડાં અમને આમતેમ ફંગોળી રહ્યાં છે (drift) અને આસુરી શક્તિઓ ખતમ કરવા જ ધસારો કરી રહી છે (bale) ત્યારે પણ તેવી સર્વનાશની પળોમાં પણ પ્રભુનું ચૈત્યપુરુષ દ્વારા મળતું સમર્થ માર્ગદર્શન (mighty Guidance) આપણને આ ચક્રવ્યૂહમાંથી સુખરૂપ બહાર કાઢે છે, કારણ યોગક્ષેમં વહામ્યહમ એ પ્રભુનું આપણને આપેલું સનાતન-વચન છે.

After we have served this great divided world
God's bliss and oneness are our inborn right.
A date is fixed in the calendar of the Unknown,
An anniversary of the Birth sublime:
Our soul shall justify its chequered walk.
All will come near that now is naught or far.

આ ખૂબ જ વિભાજીત, સંઘર્ષગ્રસ્ત જગત તરફનાં આપણા ભૌતિક કર્તવ્યો પાર પાડતાં-પાડતાં આંતરિક પ્રકાશમય અસીમ ચેતના સાથે એકરૂપતા સાધવાનો સતત અભ્યાસ અને તપ કરતાં-કરતાં અંતે પ્રભુકૃપાના મધુર વાયરારૂપી આનંદની લહેરકીઓ સમગ્ર સ્વરૂપ ઉપર ઊતરી આવે છે. (મધુ વાતા-ઋગ્વેદ) અને આપણે પ્રભુ સાથેની એકરૂપતાને એકાગ્રતાથી ટકાવી રાખવા સમર્થ થઈએ છીએ ત્યારે જ આપણા જીવનનો મૂળભૂત હેતુ અને આપણો જન્મસિદ્ધ હક્ક આપણને પ્રાપ્ત થાય છે. ગુપ્ત પ્રભુનું પોતે તૈયાર કરેલું ઉત્ક્રાંતિનું એક અજ્ઞાત કેલેન્ડર છે. તેમાં જણાવેલ આયોજન મુજબ જ ઉત્ક્રાંતિ અને ચેતનાનો વિકાસ આગળ વધે છે. તેમાં આપણા આ સિદ્ધિની તારીખ તો અગાઉથી જ લખાઈ ચૂકી હોય છે. તેમાં સાધના શરૂ કરી ત્યારથી આ સિદ્ધિ મળે ત્યાર સુધીનું એક વર્ષ ગણેલું હોય છે. આ સિદ્ધિદિન એ જાણે વર્ષગાંઠ છે – નૂતન

જન્મની, દિવ્ય જન્મની, ભવ્ય જીવનની. (Birth sublime) આપણા ચૈત્યપુરુષો (soul) જે વાંકાચૂંકા રસ્તે (chequered walk) આ વિકાસની સફર કરી છે તે આજે સાર્થક (justify) થાય છે. આ સિદ્ધિ સાથે જ આપણી સાધનાની ઘોડદૌડ શરૂ થાય છે. જે વસ્તુ અશક્ય લાગતી હતી તે શક્ય બને છે. જે ઘણા સમય પછી અને સખત પરિશ્રમ બાદ જ મળવાની શક્યતા લાગતી હતી (naught) તે પણ અનાયસે તત્કાળ મળી જાય છે - જાણે પ્રભુએ આપણી સાધનાપથ ઉપર લાલજાજમ પાથરી દીધી હોય એમ લાગે છે !

રામકૃષ્ણ ઠાકુર કહેતા કે સાધનારૂપી પતંગને જ્યાં સુધી ઉપરની હવા પકડમાં ન લે ત્યાં સુધી તે ગોથાં ખાય છે, તેને ઝટકા આપી ઉપર ચડાવવું પડે છે પણ એક વખત તેને ઉપરની હવા અર્થાત્ પ્રભુકૃપા પ્રાપ્ત થયા પછી ગોથા બંધ, ઝાટકા બંધ. પતંગ ભવ્યતાથી હવામાં ડોલતું રહે છે. ન પતન, ન સાધનાની ઉગ્રતા રહે છે; એક પ્રેમપૂર્ણ આનંદમય સહજ-સાધના ! જીવનનું સાફલ્ય તે આ છે.

---

(અનુ.પૃ.૧૦ ઉપરથી)

## દિવ્ય-જીવન

દિવ્ય તત્ત્વના બંને પાસાને પ્રકટ કરવા સમર્થ બનશે. તેના નિષ્ક્રિય પાસાને તેમજ તેના સક્રિય પાસાને પણ. આ બંને પાસાને આવરી લેતી આ સાધનાને જ પૂર્ણયોગ કહેવામાં આવે છે. તેનાં બે કારણો છે. એક કારણ એ છે કે ઉપર દશાવ્યા મુજબ આ બન્ને પાસાને આવરી લે છે તેથી તે એકાંગી ન રહેતા સર્વાંગી યોગ બની જાય છે. બીજું સક્રિય પાસાને પણ આવરી લેવાથી તે સાધકના મન, પ્રાણ અને શરીર જેવા બધા જ તત્ત્વોને પણ આ મુક્તિમાં સામેલ કરે છે તેથી પણ તે સર્વાંગી યોગ અથવા પૂર્ણયોગ બની જાય છે.

પણ આ સર્વાંગી યોગની શરૂઆત થાય છે વ્યક્તિની મુક્તિથી. તેથી વ્યક્તિનું આ દિવ્ય-જીવનની સાધનામાં અનેરું મહત્ત્વ છે. આ પૂર્ણયોગમાં વ્યક્તિ, વિશ્વ અને વિશ્વાતીત ચેતનાનો પણ સમાવેશ થતો હોવાથી આ સાધના સાચા અર્થમાં સર્વાંગી અને સંપૂર્ણ બની રહે છે. અને આ સાધનાની કર્મભૂમિ છે વ્યક્તિ પોતે. આ જ વ્યક્તિની મહત્તાની વિશેષતા છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# વ્યક્તિગત અને વૈશ્વિક સ્તરો

(ભા.-૧, પૃ.૨૮૧-૨૮૬)

પ્રકરણ - ૭

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રથમ તો દરેક ભૂમિકાનો તેની નીચે અને ઉપર રહેલ ભૂમિકાઓ સાથે સંબંધ હોવા છતાં, તે દરેક ભૂમિકા પોતે એક સૃષ્ટિ હોય છે. પૃ.૨૮૧

૨ પરાભૌતિક-જગતની વસ્તુનો ભૌતિક-જગતમાં અનુવાદ થએલો હોય છે. પૃ.૨૮૪

૩ દિવ્યસૃષ્ટિઓ શરીરની ઉપરના ભાગમાં રહેલી છે. પૃ.૨૮૫

૪ દરેક ભૂમિકા પોતાના માટે સાચી છે પરંતુ અતિમનસની સરખામણીમાં આંશિક સત્ય ધરાવે છે. પૃ.૨૮૫

૫ (માંડૂક્યોપનિષદમાંના વૈશ્વાનર, તેજસ અને પ્રાજ્ઞ) આ શબ્દોનો અર્થ બાહ્યચેતના, આંતરચેતના અને પરાચેતના થાય છે. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ શબ્દો એટલા માટે વાપરવામાં આવેલા છે કે માનવીની સામાન્ય-ચેતનામાં ફક્ત બાહ્યચેતના જ જાગૃત હોય છે. આંતર-સ્વરૂપમાં ફક્ત પૃષ્ઠસ્થ ચેતના તેની ગતિઓ સ્વપ્ન અને દર્શનમાં જ અનુભવાય છે. જ્યારે પરા-ચેતના (અતિમનસ, અધિમનસ વગેરે) તે કક્ષાથી પણ પર રહેલાં છે. તે મનને માટે ગાઢ નિદ્રાસમાન છે. પૃ.૨૮૫

૬ વિરાટ = બહિર્વિશ્વનો આત્મા, હિરણ્યગર્ભ..... આંતર-ભૂમિકાનો આત્મા, ઈશ્વર = અતિચિત આત્મા.

ઊર્ધ્વ-ચેતનાનાં સ્તરો ભૌતિક-જગત ઉપર દબાણ લાવીને પોતાને પ્રગટ કરે છે. તેને વેદો વ્યાહૃતિની પ્રક્રિયા તરીકે વર્ણવે છે. વિ + આ + હૃત એટલે ખાસ રીતે, વિશેષ રીતે (વિ) પાસે (આ) ખેંચી લાવવું (હૃત) જે ઊર્ધ્વ-જગતો છે તેને નીચે ખેંચી લાવી ભૌતિકસ્તર દ્વારા પ્રગટ કરવું. આ પ્રક્રિયા સંકુલ હોઈને તે નીચે મુજબ કાર્ય કરે છે :

૧ ઊર્ધ્વ-જગતનાં વિશિષ્ટ તત્ત્વો પોતે ભૌતિકસ્તરે ભૌતિકતત્ત્વ તરીકે પ્રગટ થાય છે.

૨ તે ઊર્ધ્વ-જગતની શક્તિઓ આ તત્ત્વને ભૌતિક ઘાટ ધારણ કરવા મદદરૂપ થાય છે.

૩ તે ઊર્ધ્વ-જગતનાં સત્ત્વો ભૌતિક-જગતમાં તેમના આવિર્ભાવ માટે જરૂરી તત્ત્વ દાખલ થયા બાદ તે જગતની શક્તિઓ અને ક્ષમતા સાથે ભૌતિક જગતમાં એક નવી જાતિ તરીકે, ભૌતિક પ્રાણી તરીકે જન્મ લે છે અને પોતાની આ સૃષ્ટિને ભૌતિક-જગતમાં ફેલાવે છે.

આ સમગ્ર પ્રક્રિયા એ ગૂઢશાસ્ત્રોનો ભાગ બની જાય છે. તેમને દૈવીસત્ત્વોનું પૃથ્વી ઉપરનું કાર્ય ગણે છે.

પણ આ નવી યોનિના આવિર્ભાવની પ્રક્રિયા યાંત્રિક, ગણિતની જેમ ચોક્કસ અને નિશ્ચિત હોતી નથી. તે ઘણી જ નમનીય પ્રક્રિયા હોય છે.

૧ ભૌતિક-તત્ત્વમાં ઊર્ધ્વમાંના બધાં જ સ્તરો પ્રગટ કરવાની જન્મજાત ક્ષમતા છે અને તે જ તેની અનન્યતા છે.

૨ દરેક ચેતના-સ્તરના લોકનાં પોતાના નિયમો, કાર્યપદ્ધતિ, સત્ત્વોનાં સ્વરૂપો અને ક્ષમતાઓ હોય છે. તેઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે અને ભૌતિક-જગત સાથે તેમનો જાણે કોઈ સંબંધ નથી તે રીતે વર્તે છે.

૩ આ સૂક્ષ્મ જગતોમાંથી કોઈ સત્ત્વ ભૌતિકસ્તરે પ્રગટ થવા મથે છે અથવા ભૌતિક-જગતમાંની કોઈ વ્યક્તિ તેના સંપર્કમાં આવવાથી તેને ભૌતિકસ્તરે પ્રગટ કરવાનો માર્ગ કરી આપે છે. આ બન્ને ઘટના ખરેખર તો ઊર્ધ્વમાંની ચેતનાનાં આવતા દબાણને કારણે જ થાય છે. પણ તે સૂક્ષ્મ

જગતનું સત્ત્વ અને ભૌતિક-જગતનું સત્ત્વ તેને પોતાની જરૂરિયાત તરીકે અનુભવે છે.

૪ આવા ઘણાં પ્રયત્નો, પ્રસંગો બને છે પણ તે બધા જ યશસ્વી થાય છે તેમ પણ નથી.

૫ જે નવી સૃષ્ટિ રચાય છે તે ઊર્ધ્વમાંની સૃષ્ટિનો જાણે અનુવાદ હોય કે સર્વસાધારણ પ્રતિકૃતિ હોય એવું લાગે છે પણ તેમ છતાં તે પૂર્ણ પ્રતિબિંબ કે કાર્બન કોપી હોતી નથી. તેમાં કોઈ નવું જ બંધારણ બંધાય છે. જે પેલા સૂક્ષ્મલોક અને ભૌતિક-જગત બન્નેનો પ્રભાવ ઝીલી શકે છે. તેમાં બન્ને જગતનો સમન્વય અને સુમેળ સધાય છે.

૬ સૂક્ષ્મ-જગત પ્રથમ સૂક્ષ્મ-પાર્થિવ જગત ઉપર પરિણામ કરી ત્યાં પોતાને અનુરૂપ ઘડતરો કરે છે પછી જ આ ઘડતરો ભૌતિક-સ્થૂળ જગતોમાં પ્રગટ થવા માંડે છે. છતાં સૂક્ષ્મ પાર્થિવસ્તરે તે જેટલાં નમનીય રહે છે, પૂર્ણ રહે છે; તેટલાં ભૌતિક જગતમાં હોતાં નથી.

૭ નિમ્ન-જગતો ભૌતિકસ્તરે પ્રગટ થયા પછી ઊર્ધ્વ-જગત ક્રમશઃ પ્રગટ થતાં હોય છે. ભૌતિક-જગતની ઉત્ક્રાંતિની પ્રક્રિયા જ આનું પોતાની રીતે નિયમન કરતી હોય એવું લાગે છે. નિમ્નલોકોમાં કાંઈક એવું હોય છે જે ઊર્ધ્વજગતને ભૌતિકસ્તરે પ્રગટ થવા માટે આધાર આપે છે.

૮ પરમાત્માના પોતાના આવિર્ભાવનું એક મહાઆયોજન છે. તે અનુસાર જ આ જગતો પ્રગટ થતાં હોય છે. તે મહાઆયોજનનાં ભાગરૂપે જ તેઓ પ્રગટ થવાની પ્રક્રિયામાં મૂકાય છે.

૯ ઊર્ધ્વ-જગતનું પ્રગટીકરણ જેમ જેમ તે નિમ્નજગતમાં અવતરણ પામે છે તેમ તેમ ઘટતું જાય છે. તે પોતે જેવું છે તેવું જ પૂર્ણ રીતે પ્રગટ થઈ શકતું નથી, કારણ નિમ્નજગતોમાં અચિત્‌નો પ્રભાવ વધારે ને વધારે ઘેરો બનતો જતો હોય છે.

૧૦ અતિમનસ-જગતમાં પૂર્ણ સત્ય પ્રગટસ્વરૂપે હોય છે. નિમ્નસ્તરે તે વધારે ને વધારે ન્યૂન અને આંશિક બનતુ જાય છે, તેથી અતિમનસને ભૌતિકસ્તરે પ્રગટ થતાં પહેલાં અંતરિયાળ બધાં જગતો ભૌતિક-સ્તરે

પ્રગટ થએલાં હોવા જરૂરી છે, પરંતુ તેથી ભૌતિક-સ્તરે સત્ય ક્રમશઃ વધારે ને વધારે ઉત્ક્રાંતિ દ્વારા પ્રગટ થઈ રહ્યું છે એવો ભાસ રચાય છે.

૧૧ માનવી-શરીરનાં યોગચક્રો આ સૂક્ષ્મ-જગતો સાથે ક્રમશઃ જોડાએલાં છે માનવી-રૂપાંતરમાંના દરેક તત્ત્વનું એક યોગચક્ર છે અને તે જ તત્ત્વનું ઊર્ધ્વમાં વિશિષ્ટ જગત છે, તેથી તે જગત માનવ-શરીરમાંના પોતાને અનુરૂપ તત્ત્વ અને તેના યોગચક્ર મારફત પ્રગટ થવું શક્ય બને છે. દરેક ચેતનાનું પોતાનું તત્ત્વ હોય છે. આ રચનાનો ઉલ્લેખ માંડૂક્યોપનિષદમાં કરેલ છે. તેમાં માનવ-સ્વરૂપનાં ત્રણે શરીરમાં રહેલી ત્રણ ચેતના દર્શાવી છે જેને તે પ્રાજ્ઞ, તેજસ અને વૈશ્વાનર કહે છે. કારણ-શરીરની ચેતના પ્રાજ્ઞ છે કારણ તે પ્રજ્ઞા દ્વારા કામ કરે છે. સૂક્ષ્મ - શરીરની તેજસ છે જે પ્રકાશમય મન દ્વારા કાર્ય કરે છે. સ્થૂળ-ભૌતિકની ચેતના વૈશ્વાનર છે. તે ભૌતિક-વિશ્વ સાથે કામ કરે છે અને આંતરબાહ્ય ઇન્દ્રિયો દ્વારા કામ કરે છે. માંડૂક્ય આમને જ સુષુપ્તિ, સ્વપ્ન અને જાગૃત એવાં નામો આપે છે. તે આપણને પરિચિત અવસ્થાઓ દ્વારા સમજાવવા માટે. સમાધિમાં પ્રજ્ઞાન કાર્ય કરે છે. જે આપણને સુષુપ્તિ જેવી લાગે છે. આંતરિકદર્શન, શ્રવણ સ્વપ્ન જેવાં લાગે છે. તેથી તે સ્વપ્નાવસ્થા જ્યારે ભૌતિક-જીવનનાં અનુભવો આ ભૌતિક-વિશ્વ જેવા જ નક્કર લાગે છે, તેથી જાગૃત-અવસ્થા.

માંડૂક્યોપનિષદ આત્માની ભિન્ન-ભિન્ન અભિવ્યક્તિઓ સમજાવવાનો આ દ્વારા પ્રયત્ન કરે છે.

જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિને આધાર આપતી મૂળ ચેતનાને કૂટસ્થ ચેતના કહે છે. ત્રણ શરીરરૂપી કૂટમાં બખોલમાં તે રહે છે, માટે તેને કૂટસ્થ-ચેતના કહે છે.

આ વ્યક્તિગત -ચેતનાના તબક્કા વૈશ્વિક તબક્કાનો અંશ હોય છે. વિશ્વાતીત સ્તરની આ ચેતનાની અભિવ્યક્તિઓને જ ક્રમશઃ ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ કહે છે; જે પ્રાજ્ઞ, તેજસ અને વૈશ્વાનરનાં જ વૈશ્વિક સ્વરૂપો છે. પ્રાજ્ઞ ચૈતસિક-શરીરની, તેજસ માનસિક-શરીરની અને વૈશ્વાનર ભૌતિક-શરીરની ચેતના છે.

# લોભિયાની અવગતિ

પ્રકરણ - ૧૦

એક જંગલમાં એક વાંદરો રહે. તેને ત્રણ દિવસથી ખાવા મળ્યું નહોતું. ત્યાં તેણે લશ્કરને આવતું જોયું. તેમાંના થોડાક સૈનિકોએ તે વાંદરો જે ઝાડ પર બેઠો હતો, બરાબર તેની નીચે ઘોડા બાંધ્યા. ઘોડાઓને તગારામાં ચણા ખાવા આપ્યાં. પોતે જમીને તંબુમાં જઈ સૂતા.

વાંદરાને લાગ મળી ગયો. તેણે ઘોડાના તગારામાંથી ચણા ચોરીને ભરપેટ ખાધાં. મોઢામાં પણ ભર્યા અને મુઠીમાં પણ લીધા અને ચડવા લાગ્યો ઝાડ પર. ત્યાં તેના મુઠીમાંથી એક ચણો નીચે પડ્યો. નીચે જ બાંધેલા ઘોડાના પગ પાસે જ તેણે તે પડેલો જોયો. તેનો લોભ જાગ્યો. એક ચણો પણ શા માટે જવા દઉં. તે નીચે ઉતર્યો. તે ચણો લેવા ગયો. ત્યાં ઘોડાએ લાત ફટકારી. વાંદરાનું જડબું ભાંગી નાખ્યું. મુઠ્ઠીમાંના ચણા તો ક્યાંય ઉડી ગયા.

અવાજથી સૈનિકો જાગી ગયા. વાંદરાને પકડી પાંજરે પૂર્યો, ગામમાં આવી મદારીને વેંચ્યો.

આજે તે વાંદરો શેરીએ શેરીએ નાચીને ભીખ માંગે છે.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## ચેતનાની જન્મ અને અજન્માની સ્થિતિ

(ઉપનિષદો - પૃ.૭૦-૭૩)

પ્રકરણ - ૭

1. The self outside Nature does not become. The self in Nature becomes. P. 70
2. There are two possible states of conscious existence the state of birth. The state of non-birth. P. 70
3. The knot of birth is the ego-sense. P. 70
4. The dissolution of ego-sense brings us to the non-birth. Therefore Non-birth is also called the Dissolution. P. 70
5. Birth and Nonbirth are not essentially physical conditions but soul-states. A man may break ego-sense i.e. remain in Non-birth yet remain in the physical body. P. 70
6. If he concentrates solely in the state of dissolution of ego, then he is not born again in the body. P. 70
7. Neither attachment to non-birth nor attachment to Birth is the prefect way. Both of these are states of blind darkness. P. 71
8. Non-birth pursued lead to silent Brahman. birth leads to a fuller life a vestibule to the final achievement. P. 71
9. But neither of these are true goal of humanity. P. 71
10. Brahman is both Vidya and Avidya. both birth and non-birth. P. 72

11. It is by Akshar-brahman... the soul is released from its absorption in the movement. P. 72
12. Having attained this liberation it accepts birth (becoming) as a process of Nature and this free and divine becoming enjoys immortality. P. 72
13. The third movement of the Upanishad is justification of life and work. P. 72
14. Works are the essense of life. Life is a manifestation of Brahman. P. 72
15. In Brahman the life-Principle arranges harmony of the seven principles of conscious being by which that manifestation works. P. 72
16. The lord unrolled the universe in his three modes as. All seer, thinker and realiser. P. 73
17. The determination works out through his double power of Vidya and Avidya. P. 73
18. Here in the material body it is to be worked out and enjoyed by the divine-Inhabitant. P. 73

બ્રહ્મતત્ત્વ જે પ્રકૃતિમાં પ્રવેશેલ નથી તે આવિર્ભાવ પામતું નથી. પ્રકૃતિમાં પ્રવેશેલ બ્રહ્મતત્ત્વ જ પોતાનો આવિર્ભાવ કરી શકે છે. આવિર્ભાવ પામવું એટલે જન્મ લેવો. આવિર્ભાવ ન પામવું એટલે જન્મ ન લેતા અજન્મા જ રહેવું. આમ, આત્મતત્ત્વનો અમુક અંશ જન્મ લેતો જ નથી. અમુક જન્મ લે છે.

માનવજન્મમાં પણ આ બન્ને અવસ્થાઓ શક્ય છે. માનવ ભૌતિકશરીર ધારણ કરીને જન્મ લે છે. સાધના દ્વારા અક્ષર-બ્રહ્મ અચલ-બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. તેની સાથે એકરૂપ થઈને રહે છે, ત્યારે તે ફરી અજન્મા થઈ જાય છે, કારણ અક્ષરબ્રહ્મ નિષ્ક્રિય તત્ત્વ છે. તેથી તેમાં જન્મ ધારણ કરવાની ક્રિયા શક્ય નથી.

આમ, જન્મ અને અજન્મ આ બે ચેતનાની અવસ્થાઓ છે. તે શરીરની અવસ્થાઓ નથી. અહંકારની ગ્રંથી હોય તો શરીરમાં રહેલી ચેતનાને પોતે જન્મ

લીધો એમ લાગે છે. તે ગ્રંથી ઓગાળી નાખી હોય તો ચેતના શરીરમાં રહેવા છતાં પોતે અજન્મા છે એવું અનુભવે છે.

જન્મ લેવાનો મોહ અથવા ન લેવાનો મોહ બન્ને સાચા માર્ગો નથી. કારણ મોહ એ અજ્ઞાન છે અને તેથી બંધનકારક જ છે. બન્નેનો આગ્રહ તમને ઘોર અંધકારમાં જ લઈ જાય છે. આ બન્નેનો ગેરફાયદો છે.

આ બન્ને વસ્તુઓનો ફાયદો પણ છે. જન્મ લેવાથી ભૌતિક સુખસુવિધાઓ મેળવાય છે અને સાથે સાથે ભાવિ પૂર્ણતાનો પાયો પણ નખાય છે. અજન્મા રહેવાનો આગ્રહ અક્ષરપુરુષનો સાક્ષાત્કાર કરાવે છે.

આ બન્ને વસ્તુ પોતાના દરજ્જે સારી હોવા છતાં પૂર્ણ તો નથી જ. તે કાંઈ જીવનનો અંતિમ અને સમગ્ર હેતુ પણ નથી.

બ્રહ્મ બન્ને છે - વિદ્યા અને અવિદ્યા. અર્થાત્ જન્મ અને અજન્માની બંને સ્થિતિ બ્રહ્મતત્ત્વમાં શક્ય છે.

બ્રહ્મને અનંતરૂપે પ્રગટ થવું છે. અનંતતા માટે જન્મ લેવો જરૂરી છે. એકતા માટે આ વિવિધતાને પાર કરીને એકતામાં પ્રવેશવું જરૂરી છે. બન્નેની જરૂર છે. અક્ષરબ્રહ્મના સાક્ષાત્કારથી માનવ અહંકારમાંથી મુક્તિ મેળવી જીવનની ગતિવિધિઓથી મુક્તિ અનુભવે છે. જીવન ધારણ કરવાથી જીવન દરમિયાન જ અમરતાનો અનુભવ લઈ શકે છે. આમ, અમરતાના અનુભવ માટે અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર અર્થાત્ અજન્માનો ભાવ જરૂરી છે. ગૌતમબુદ્ધે તેથી જ નિર્વાણને મહત્વ આપેલ છે.

આવી રીતે મુક્તિ મેળવ્યા પછી આત્મતત્ત્વને જીવતા જીવનમાં જ અમરત્વ ભોગવવા જન્મની પ્રક્રિયામાં પ્રવેશવું પડે છે.

ઉપનિષદ જે પોતાની વિચારધારાના ત્રીજા તબક્કામાં જીવન અને કર્મને મહત્ત્વ આપે છે તે આ દૃષ્ટિથી જ. કર્મ એ જીવનનો સાર છે અને જીવન બ્રહ્મતત્ત્વની અભિવ્યક્તિ સ્વરૂપ છે. આમ, બ્રહ્મતત્ત્વને અભિવ્યક્ત થવા અને અભિવ્યક્તિનું આયોજન કરવા જીવન અને તેમાંના કર્મો બન્નેની જરૂરિયાત ભાસે છે.

જીવન સાત લોકમાં સાત પ્રકારો તરીકે પ્રગટ કરવા અને તેમાં સમન્વય સાધી દેવાનું કાર્ય જીવન પોતે જ કરે છે અને આ સાતજીવન પ્રકારો દ્વારા જ પ્રભુ

પોતે કાર્ય કરી રહ્યાં છે.

જીવન જે બ્રહ્મતત્ત્વમાં સુપ્ત અવસ્થામાં રહેલું છે તેને વેદો માતરિશ્વા કહે છે. તે માતરિશ્વા જ આ સાત જીવનનાં પ્રવાહોને જાણે પ્રગટ કરે છે.

આ પ્રગટીકરણ વખતે બ્રહ્મચેતનાની ચાર અવસ્થાઓ રચાય છે :

૧ કવિ : આ અવસ્થામાં બ્રહ્મતત્ત્વમાં પોતાના રહેલા બધાં જ બીજ-સ્વરૂપ સંકલ્પોને ઋતમ્‌ને તે જાણે છે, જોય છે.

૨ મનીષી : તે બધાં ઋત્‌સ્વરૂપ સંકલ્પોનો આવિર્ભાવ કરવા આયોજન કરે છે.

૩ પરિભૂ : અનંત ઋત્‌-સંકલ્પોને જગતમાં સર્વત્ર આવિર્ભાવ પ્રક્રિયામાં વાવી દે છે.

૪ સ્વયંભૂ : વાવેલા સંકલ્પો આવિર્ભાવ પામી વસ્તુ કે વ્યક્તિ તરીકે ઘાટ ધારણ કરે છે.

આ જે સમગ્ર આવિર્ભાવ પ્રક્રિયા વર્ણવી તેમાં અવિદ્યા વિવિધતા રચે છે અને વિદ્યા એકતા. આ રીતે સમગ્ર જગત રચાયું છે.

આ રીતે અનંત વ્યક્તિત્વો વિકસાવ્યા બાદ તેમનાં તત્ત્વોની શુદ્ધિ કરણની પ્રક્રિયા શરૂ થાય છે.

આ તબક્કો અવિદ્યાનો છે. તત્ત્વો શુદ્ધ થતાં જ વિદ્યા તેમાં બ્રહ્મતત્ત્વના આવિર્ભાવ બાબતની સભાનતા પ્રગટ કરીને એકતા સ્થાપે છે અને તે એકતા જ અમરતાનો અનુભવ કરાવે છે. આમ, ભૌતિક શરીરમાં જ તેમાં રહેનારી ચેતના અમરતાનો આનંદ ભોગવે છે.

આમ, જીવનમાં પ્રવેશી જીવનને અતિક્રમી જવું પડે છે. જગતના કાર્યોમાં પ્રવેશી તેમને પણ અતિક્રમી જવાનાં છે.

ત્યારે તમે પ્રભુનું જ કાર્ય કરવા માંડો છો. જેમાં તમે મુક્ત થયા બાદ અન્યોને મુક્તિ અપાવવા કર્મ કરતા હો છો. તે કાર્ય જ દિવ્યકાર્ય હોય છે. તે જીવન દિવ્યજીવન હોય છે.

આમ, જન્મ અને અજન્માનો બન્નેનો અનુભવ તમે તે ક્ષણે બન્નેથી પર રહીને અનુભવો છો.

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૭૬-૧૮૪)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ 'સ્વર' એક એવો લોક છે જે સામાન્ય આકાશ પૃથ્વીની પરનું પરમ-સ્વર્ગ છે. પૃ.૧૭૬

૨ સ્વર્ગમાંથી અવતરતાં જળોને 'સ્વર્વતીઃ અપઃ' તરીકે વર્ણવવામાં આવ્યાં છે. પૃ.૧૭૬

૩ સાયણ સ્વર્વતીઃનો અર્થ સરણવતીઃ - વહેતી નદી એવો કરે છે. પૃ.૧૭૬

૪ ઇન્દ્રના વજ્રને સ્વર્ગનો પથ્થર - સ્વયંમશ્યાનમ્ કહ્યું છે. પૃ.૧૭૬

૫ ગાયોની પુનઃપ્રાપ્તિ ઇન્દ્ર કરે છે...... તેમાં તે અંગિરસ ઋષિઓની, તેમના મંત્રની, યજ્ઞની, અગ્નિ તથા સોમની મદદ લે છે. તે રીતે સૂર્યની પુનઃપ્રાપ્તિમાં પણ તે જ સાધનો વર્ણવવામાં આવ્યાં છે. પૃ.૧૭૬

૬ ખુદ વેદમાં..... સાબિતીઓ મળી આવે છે કે તે બધી વસ્તુઓ એક મહાન ક્રિયાનાં અંગો છે. પૃ.૧૭૬

૭ યજ્ઞના સાધનો દ્વારા..... સહાયક દેવો દ્વારા, પરમ-પ્રકાશનો સ્વરલોક જીતાય છે. પૃ.૧૭૬

૮ આ સૂર્ય દિવ્ય-પ્રકાશશક્તિનું પ્રતીક છે. સ્વર દિવ્ય-ઋત્નો લોક છે. દિવ્ય-ત્રયની પ્રાપ્તિ વૈદિક ઋષિઓનો સાચો હેતુ હતો. પૃ.૧૭૭

૯ વૈદિક ઋષિઓનો મનમાં સ્વર્ અને સૂર્યના ખ્યાલો ભિન્ન છે અને છતાં...... સંકળાયેલાં છે. પૃ.૧૭૭

૧૦ સ્વર્નું મૂળ લક્ષણ મહાન પ્રકાશ છે..... તેનો ઉલ્લેખ પૃથ્વીઆકાશ

(રોદસી)થી પારના એક લોક તરીકે કરવામાં આવ્યો છે. તેને ઉરુ લોકઃ (વિશાળ લોક), ઉ લોકઃ (બીજો લોક) કહેવામાં આવ્યું છે. પૃ.૧૭૭

૧૧ સ્વર્ જ્યોતિરભયં સ્વસ્તિ - (૩-૩-૭) સ્વર્‌નો પ્રકાશ ભયથી મુક્ત છે અને ત્યાં અસ્તિત્વ સુખમય છે. પૃ.૧૭૭

૧૨ વૈશ્વાનરને સૂક્ત ૩-૨-૭માં આકાશ, પૃથ્વી અને સ્વર્‌ને વ્યાપ્ત કરતો વર્ણવવામાં આવ્યો છે. (આ રોદસી અપૃણદા સ્વર્મહત્) પૃ.૧૭૮

૧૩ વસિષ્ઠ પોતાના સૂક્ત ૭-૯૯ - ૩-૪માં જણાવે છે કે હે વિષ્ણુ ! તે આકાશ, પૃથ્વી (રોદસી)નેદૃઢતાપૂર્વક ધારણ કર્યા...... તમે બંને એ યજ્ઞના ફળ તરીકે (પ્રકાશ ધારણ કરવા રૂપ) બીજા લોકનું નિર્માણ કર્યું (સ્વર) અને સૂર્ય, ઉષા અને અગ્નિને જન્મ આપ્યો. પૃ.૧૭૮

૧૪ સ્વર્‌ને યજ્ઞકર્મ કરનારનો લોક (સુકૃતામ્ લોકમ્) રૂપે વર્ણવવામાં આવ્યો છે. પૃ.૧૭૮

૧૫ અગ્નિ-પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે દૂત તરીકે જાય છે અને પછી પોતાના અસ્તિત્વ વડે આ વિશાળ ઘરને વ્યાપી લે છે - ‘ક્ષયં બૃહન્તં પરિ ભૂષતિ’ (૩-૩-૨)

૧૬ તે સુકૃત કરનાઓને ઘોડા-વીરો-પુત્રો-ગાયો-સુખમય અસ્તિત્વથી પરિપૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે. (૫-૪-૧૧) પૃ.૧૭૮

૧૭ ઈન્દ્રે..... કામના કરતાં લોકો (અંગિરસો) દ્વારા (ઉર્શિગ્‌ભિ) શત્રુઓની સેનાને જીતી અને માણસો જોઈ શકે માટે દિવસોનાં (પ્રકાશનાં) દર્શનને પ્રગટ કર્યું. (કેતુમહતામ્) મહાન આનંદ માટે પ્રકાશને પ્રાપ્ત કર્યો - અર્વિંદજજ્યોતિબૃહતે રણાય - (૩-૩૪-૪) પૃ.૧૭૮

૧૮ આ વિશાળ લોક (બૃહદ દ્યૌઃ) સ્વર્ પારમાનસિક સ્વર્ગ છે. પારમાનસિક ઋત્ છે. પૃ.૧૭૯

૧૯ મનુષ્યો વૃત્રનો સંહાર કરીને આકાશ-પૃથ્વીની પાર ગયા છે અને તેમણે પોતાના નિવાસ માટે વિશાળ લોકનું-સ્વર્‌નું નિર્માણ કર્યું. ધ્વન્તો વૃત્રમતરન્ રોદસી અપઃ ઉરુ ક્ષયં ચક્રિરે (૧-૩૬-૮) પૃ.૧૭૯

૨૦ સફળતાપૂર્વક યજ્ઞ કરનારા લોકો સવર્દશ (સ્વર્‌ને જોનારા) અને સ્વર્વિદ

(સ્વર્‌ને જાણનારા) બની જાય છે. પૃ.૧૭૯

૨૧ એટલે સૂર્યનો તથા ઉષાનો જન્મ સ્વર્‌ને જોવાની તથા પ્રાપ્ત કરવાની પૂર્વ શરત છે. પૃ.૧૭૯

૨૨ સત્ય મંત્રો વડે અંધકારમાંથી પ્રકાશને કરવાનું, શોધી કાઢવાનું અને જન્માવવાનું કામ બહુ અગત્યનું ગણવામાં આવ્યું છે. પૃ.૧૭૯

૨૩ અંગિરસો સૂર્યને શોધી કાઢતા (અવિદત્‌) પ્રકાશિત કરતા ચેતયત જન્માવતા (અજનયત) વર્ણવવામાં આવ્યા છે. પૃ.૧૭૯

૨૪ ઈન્દ્ર જ રાત્રીઓમાંથી પ્રકાશને પ્રગટાવે છે. સૂર્યને જન્માવે છે. ક્ષપાં વસ્તા જનિતા સૂર્યસ્ય (૩-૪૯-૪). પૃ.૧૭૯

૨૫ ઈન્દ્ર પોતાના પ્રકાશમય સાથીદારો વડે તે (સ્વર) ક્ષેત્રની માલિકીને પ્રાપ્ત કરે છે. (જજાન સૂર્યમુષસં સુદંસાઃ (૩-૩૨-૮) પૃ.૧૮૦

૨૬ ઈન્દ્ર સ્વરને જીતનાર સ્વર્ષાઃ છે. પૃ.૧૮૦

૨૭ ઈન્દ્ર સારો યજ્ઞ કરીને ઉષાને તથા સ્વર્‌ને જન્માવે છે. ઈન્દ્ર સુયજ્ઞા ઉષસઃ સ્વર્‌ જનત્‌ (૨-૨૧-૪). પૃ.૧૮૦

૨૮ અસ્માકે ભિર્તૃભિઃ સૂર્ય સનત્‌, અમારા માણસો વડે, પિતૃઓ વડે, અંગિરસો વડે તે સૂર્યને જીતે છે. (૧-૧૦૦-૬) પૃ.૧૮૦

૨૯ જે પ્રકાશ આ અનેક પ્રાણીઓ માટે એક જ છે - અવિન્દતાં જ્યોતિરેકં બહુભ્યઃ (૧-૯૩-૪) પૃ.૧૮૦

૩૦ ઋક્‌ને ખાતરીપૂર્વક ગાતા વિશ્વદેવોએ મહાન્‌ સામનો વિચાર કર્યો અને તે રીતે સૂર્યને પ્રકાશિત કર્યો (૮-૨૮-૧૦) (પરમપ્રકાશ (સામ)નું ધ્યાન કરતાં તેને પ્રાપ્ત કરવાની અભીપ્સા સેવતા-સેવતા આ સૂર્ય (ચૈત્યપુરુષને) પ્રાપ્ત કર્યો છે.પૃ.૧૮૦

૩૧ અંગિરસોએ દસ માસ સુધીનાં યજ્ઞને કરીને અંધકારમાં રહેતા સૂર્યને શોધી કાઢ્યો (૮-૯૧-૧) (દસ માસ, શરીરનાં દસ દ્વારોમાંથી આવતો પ્રકાશ, નવ યોગ ચક્રો (૭ + ૨ (અવચેતન અને અચેતન) + બ્રહ્મરંધ્ર=દસમદ્વાર) = કુલ દસ પ્રકાશોને જ દસ માસ કહેવાય છે.) તેથી

અંગિરસોને 'દસગ્વા' કહેવાય છે. (દસગ્વો - દસ માસ તપ કરનારા) પૃ.૧૮૦

૩૨ તે પહેલાં ઇન્દ્ર નવગ્મો (અંગિરસો)ના જેઓ (ફક્ત નવ દ્વારને જ જાણનારા હતાં) સાથે ઘૂંટણ ઉપર ચાલીને ગાયોનું અનુસરણ કરતો હતો. પૃ.૧૮૩

૩૩ (સારાંશ) ગુમાવી દીધેલાં સૂર્યકથા તથા ગુમાવી દીધેલી ગાયોની કથા બંને એક જ છે. પૃ.૧૮૧

૩૪ ઇન્દ્રે વજ્રને પોતાનું સાથીદાર બનાવ્યું (વજ્ર = સ્વર્ય અશ્મા, સ્વર્‌નો પથ્થર..... હીરક પ્રકાશ જે પથ્થર જેવો અવિરોધ્ય છે.) પૃ.૧૮૨

૩૫ આ બધાં (ગાયો, સૂર્ય, સ્વર) પણિઓની પરમગૂઢ સંપત્તિ હતી. (નિધિં પણીનાં પરમ ગુહાહિતમ્ (૨-૨૪-૬). પૃ.૧૮૨

૩૬ પુરુચ્છેય દેવોદાસિ સૂક્ત (૧-૧૩૦-૩)માં જણાવે છે કે પક્ષીનાં બચ્ચાંની જેમ, અનંત પર્વતમાં એકાંત સ્થાનમાં સંતાડી રાખેલ સ્વર્ગનો ખજાનો છે. ગાયોના વાડા પેઠે ગુપ્ત રાખેલો સ્વર્ગીય ખજાનો છે - અવિંદદ્ દિવો નિહિતં ગુહા નિધિં વેર્નગર્ભ પરિવીતમશ્મનિ અનન્તે અંતરશ્મનિ, વ્રજં વજ્ર ગવામિવ સિષાસન્). પૃ.૧૮૨

૩૭ ઇન્દ્ર ! તું ગાયોનો એકમાત્ર માલિક છે - ગવામસિ ગોપતિરેક ઇન્દ્ર). પૃ.૧૮૩

૩૮ અંગિરસોએ વિશાળ પ્રકાશને, 'ઉરુ જ્યોતિઃ'ને શોધી કાઢી પૃ.૧૮૩

૩૯ સૂક્ત ૪-૧-૧૩માં ઉષા અને ગાયોનું તાદાત્મ્ય કરવામાં આવ્યું છે. પૃ.૧૮૩

૪૦ પ્રકાશની ગાયોને (ઉષાને) ગો, ઉસા, ઉસ્રિયા, એ રૂપે વર્ણવવામાં આવી છે. પૃ.૧૮૪

૪૧ આ ભૌતિક અસ્તિત્વના અનંત પર્વતની ગૂહામાં તે નિગૂઢ 'અનંતે અન્તરશ્મનિ' (૧-૧૩૦-૩) રહે છે. પૃ.૧૮૪

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# પૂર્ણયોગમાં કર્મનું સ્થાન

પ્રકરણ - ૨૮

(પૃ.૧૨૭-૧૩૦)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 I have never disputed the truth of the old Yogas - I have myself had the experience of Vaishnava Bhakti and of Nirvana in Brahman. P. 127

2 Though I am in no way bound to accept the truth of the mental philosophy founded on the experience. P. 127

3 I similarly find that my Yoga is true in its own field... for its purpose. P. 127

4 The purpose of the old is to get away from life to the Divine... let us drop karma. The purpose of the new (my Yoga) is to reach the Divine and bring the fullness of what is gained into life... for that, Yoga by works is indispensable. P. 127

5 I may point out that Karmayoga is not a new but a very old Yoga... Karmayoga existed before the Gita. P. 128

6 It is a question of linking thought, feeling and act firmly to the inner consciousness by living there and making the rest an instrument. P. 128

7 Humanitarianism, activism, philanthropical, seva etc, none of these are part of my Yoga. P. 128

8 It is not the form of the work itself or mere activity but the

consciousness and Godward will behind it that are the essence of karmayoga, the work is only the necessary instrumentation for the union with the Master of works. P. 128

9 Gita says, through works (one achieves) perfect realisation and oneness of nature with the Divine. P. 129

10 The Indian scriptures and indian tradition, in the Mahabharat and elsewhere make room both for spirituality of the renunciation of life and for the spiritual life of action. P. 130

11 The work must be done without desire, without attachment to any fruit or reward, without any egoistic attitude or motive, as an offering or sacrifice to the Divine. P. 130

12. I do not regard the ascetic way of living as indispensable to spiritual perfection... P. 130

શ્રી અરવિન્દ ભારતમાંના પ્રાચીન યોગોનાં સત્યોને નકારતાં નથી. તેમનો તે સ્વીકાર જ કરે છે. તેમને પોતાને 'વાસુદેવ સર્વમિતિ' આ વૈષ્ણવ ભક્તિનો અલિપુર જેલમાં અનુભવ આવેલો તેમ જ લેલેના સાંનિધ્યમાં નિર્વાણનો અનુભવ પણ બરોડામાં આવેલો.

પણ આ અનુભવો બાબતમાં જે બૌદ્ધિક સ્પષ્ટીકરણો અને તત્ત્વજ્ઞાન રચવામાં આવે છે તે અંતે બુદ્ધિના સમજણની કક્ષાનુસારનાં જ હોવાથી તે પરાણે સ્વીકારવા જ જોઈએ તેવું નથી. તેનું સાચું પૂર્ણ દર્શન જુદાં જ સ્વરૂપનું હોવાની શક્યતા છે. પેલું સ્પષ્ટીકરણ એક અધૂરૂં દર્શન હોઈ શકે છે.

સંસારમાં રહીને સાધના કરવામાં ઘણી સમસ્યાઓ અને મુશ્કેલીઓ આવે છે, પણ તેથી યોગ માટે સંસાર ત્યાગવો જ જોઈએ એવો નિર્ણય ખોટો છે. સંસારમાં રહીને આપણે બાહ્ય ચેતનામાં રહીને કાર્યો કરવાની ટેવ છે. એને કારણે સમસ્યાઓ સર્જાય છે. જો વ્યક્તિ આંતર-ચેતનામાં દૃઢ સ્થિર થઈને કામો કરે તો સંસાર નડતો નથી, એ હકીકત છે. ઊલટું, કર્મો પ્રભુના માટે કરવાનો ભાવ સાથે કરશું તો આંતર-ચેતનામાં રહીને કર્મો કરતાં શીખી શકાય

છે. તેથી સંસારમાં સાધના મુશ્કેલ તેથી સંસાર અને પર્યાયે બધાં કર્મોનો ત્યાગ આ કોઈ સાચો રસ્તો લાગતો નથી. તેમ જ કર્મ ફક્ત મુશ્કેલી જ સર્જે છે એમ કહેવું પણ યોગ્ય નથી.

પૂર્ણયોગમાં તો પ્રભુને મેળવવા કર્મોને અત્યાવશ્યક ગણ્યાં છે. કર્મ કરતી વખતે અનાયાસ વિચારો, ભાવો અને શરીર (મન, પ્રાણ, શરીર) ત્રણે તેમાં પરોવવાથી આપણું સમગ્ર તંત્ર તેમાં એક ધ્યેય માટે વપરાય છે. અને તેમાં પ્રભુ માટેનાં કર્મોનો સમર્પણભાવ ઉમેરતા જ તે સર્વાંગી યોગિક કર્મ બની જાય છે. એમ ગીતા જ જણાવે છે.

કર્મોનું બાહ્ય સ્વરૂપ જરા પણ મહત્ત્વનું નથી. તેનું મહત્ત્વ હોત તો શ્રીકૃષ્ણ અર્જુનને ઘોરકર્મમાં પ્રયોજી રહ્યાં છે એવી અર્જુનની સમજણ જ સાચી ઠરત. કોઈ પણ સ્વરૂપનું કર્મ પણ તે નીચેની કાળજી રાખીને કરીએ તો તે એક યોગિક કર્મ બની જાય છે :

૧ તેમાં કોઈ વ્યક્તિગત કામના ન હોવી જોઈએ.

૨ તે કર્મના બાહ્ય સ્વરૂપ બાબત કોઈ આગ્રહ ન હોવો જોઈએ અથવા તે બાબત આસક્તિ ન હોવી જોઈએ.

૩ તેના ફળ બાબત પણ આસક્તિ ન હોવી જોઈએ.

૪ તે કરવામાં કોઈ અહંકાર ન પોસાવો જોઈએ.

ઉપરના નકારાર્થી સૂચનો ઉપરાંત નીચેની હકારાર્થી વસ્તુઓ પણ તેમાં હોવી જોઈએ :

૧ તેમાં પ્રભુ માટે જ કર્મ કરુ છું અથવા તેવા કર્મનો હું નિમિત્તમાત્ર છું એવો ભાવ હોવો જોઈએ.

૨ આંતર-ચેતનામાં રહીને કાર્ય કરવું જોઈએ.

૩ તેમાં મન, પ્રાણ, શરીર, સમગ્ર આપણું તંત્ર એકાગ્ર થયેલું હોવું જોઈએ.

આ વસ્તુઓને જ ગીતામાં કર્મ કરવાની કુશળતા કહી છે અને તે જ યોગ ગણાવ્યો છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્'.

આ જોતાં તમે સંસારમાંનું કોઈ પણ કાર્ય યોગ માટે વાપરી શકો છો, તેથી જ ગીતા જણાવે છે કે સમાજમાંના પોતપોતાના સ્થાનમાંનાં કર્મો ઉપર જણાવ્યા

મુજબ કુશળતાથી કરવાથી માનવને આત્મપ્રાપ્તિની સંસિદ્ધિ મળે છે.

સારા કર્મો એટલે માનવતાવાદનાં કર્મો, કર્તવ્યભાવથી કર્મનિષ્ઠ રહેવાની ટેવ, લોક સેવાનાં કર્મો એ જ કર્મયોગ છે અથવા તેને જ યોગિક કર્મો કહેવાય છે એ વાત સાચી નથી. યોગિક કર્મોનો અર્થ આવા જ બાહ્ય સ્વરૂપના કર્મો એવો નિશ્ચિત નથી.

કર્મ કરતી વખતે આંતરિક પ્રભુ સાથે અનુસંધાન કરવાનો જે પ્રયત્ન છે તે જ મહત્ત્વનો છે. બાહ્ય કર્મ તે ભાવ પોષવાનું માત્ર સાધન જ છે. આ રીતે જનક વગેરેએ આત્મસાક્ષાત્કાર કર્યો છે ત્યારે તે વસ્તુ અમાન્ય કરવા જેવી નથી એ તો સ્પષ્ટ છે.

ભારતીય પરંપરામાં પ્રકૃતિ અનુસાર બંને પર્યાયો ખુલ્લા રખાયા છે. કર્મોનો સંન્યાસ લઈ એકાંતમાં તપસાધના કરવાનો માર્ગ અને યોગિક-ચેતનાથી કર્મો કરવાનો માર્ગ.

સારાંશ, પૂર્ણયોગ એવું માનતો નથી કે કર્મસંન્યાસ આધ્યાત્મિક જીવન માટે અનિવાર્ય છે.

---

(અનુ.પૃ.૩૯ ઉપરથી)

## સાંજના વાર્તાલાપો

શિષ્ય : રામકૃષ્ણે એક વાત કરેલી. એક વ્યક્તિને 'પ્રાકામ્ય' સિદ્ધિ પ્રાપ્ત થએલી. પોતાની કામનાને વારંવાર દોહરાવીને તેવી ઘટના બને તેવું સંકલ્પ બળ મુકવું અને તેને વાસ્તવિક બનાવવી એને પ્રાકામ્ય સિદ્ધિ કહે છે. તે વ્યક્તિએ કલ્પના કરી વાઘ આવ્યો છે અને વાઘ આવીને તેને ખાઈ ગયો સારાંશ, સિદ્ધિ સર્વનાશ નોતરે છે.

(શ્રી અરવિન્દે સિદ્ધિઓ બાબત જણાવેલ છે કે તે અહંકારથી પર જઈને જ મળે તો પ્રભુની પ્રસાદીરૂપ ગણવી અને પ્રભુના કાર્યમાં પ્રભુની પ્રેરણામુજબ જ વાપરવી. પ્રભુ સાથેની એકરૂપતા અષ્ટસિદ્ધિ આપે છે એ સાહજિક છે કારણ પરમ-ચેતનાનો તે સ્વભાવ હોય છે.)

# સનાતન યુવાનીનું રહસ્ય

પ્રકરણ - ૩૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 122)

યુવાની એટલે સર્વ ક્ષમતાઓનો સુવર્ણ યુગ. શરીર, પ્રાણ, મન બધાં જ તત્ત્વો ઉત્સાહ, ઉમંગ અને અપેક્ષાઓથી થનગનતા હોય છે. ભાવિના સોનેરી સપના પોતાનું સ્વર્ગ રચતા હોય છે.

ઉંમર વધતા આ સુવર્ણયુગની પાનખર શરૂ થાય છે. ઉત્સાહ, ઉમંગ અને અપેક્ષાઓ ઓસરતા જાય છે. નક્કર વાસ્તવિકતાના નહોર ભીડાઈને લોહી લુહાણ કરતાં લાગે છે, સ્વપ્નભંગ થાય છે.

આ બધું નૈસર્ગિક લાગે છે. પણ ખરેખર આ નૈસર્ગિક વસ્તુ નથી. આપણે પ્રગતિ કરતા અટકી પડીએ છીએ. જે મેળવાયું તેમાં સંતોષ લેતા થઈએ છીએ. આ પ્રગતિનો અભાવ જ આપણા શરીર, પ્રાણ મનને ભૂખ્યા રાખી નબળા પાડે છે. તેથી આપણને યુવાની ઓસરતી અને ઘડપણ આવતું લાગે છે.

આ પ્રક્રિયા અટકાવી શકાય છે. બસ નવું શીખવાની, પ્રગતિ કરવાની સતત તમન્ના રાખો. તે હોંશ, તે રસ જ તમને યુવાન રાખશે.

પૂર્ણતા એ આપણા જીવનનું ધ્યેય છે અને તે પૂર્ણતાનો કોઈ અંત નથી. તેથી જીવનમાં કરવાનું કરી લીધું છે એવો ભ્રમ રાખતા જ નહિ. તમારે પ્રભુ માટે કરવાનું કામ હજી ઘણું બાકી હોય છે. તે સમજશો તો જીવનમાં તમને કામ કરવાની નવી નવી ક્ષિતિજો ઉઘડતી લાગશે.

તમે ભૂતકાળને વાગોળવાનું છોડી દો. ઘરડાઓ જ ભૂતકાળ વાગોળે છે. યુવાનો તો ભાવિ તરફ જ મીટ માંડી કામ કરતા હોય છે. ભાવિનો વિચાર કરશો અને તે માટે કરવાનું આયોજન કરશો તો તમારી સામે ઢગલાબંધ કામ કરવાનાં બાકી છે એની લાંબી યાદી તૈયાર થશે.

પ્રગતિ એટલે કાંઈ ભૌતિક પ્રગતિ નથી. આપણે અનંત સુપ્ત શક્તિઓને વિકસાવવી, આપણામાં રહેલી શક્યતાઓને વાસ્તવિક કરવી, આપણા કાર્યક્ષેત્રને વૈશ્વિક ફલકે વિશાળ કરતા જવું. આપણા એકથી એક શ્રેષ્ઠ ચેતનાના ઊર્ધ્વ-સ્તરે આરોહણ કરી તેને સ્થાયી કરવી, આવા તો પ્રગતિના અનંત પાસાં છે. અંતે આપણે આ જીવનમાં પ્રભુના સંકલ્પ અનુસાર પ્રગતિ કરી બતાડવી એ આધ્યત્મિક કાર્ય પણ છે જ. આમ પ્રગતિનો કોઈ અંત નથી.

જો સતત પ્રગતિના જ વિચાર કરી તે માટે જ પ્રવૃત્તિઓ કરતા રહેશું તો ઉંમર વધવા છતાં આપણા જોમ અને ઉત્સાહ ઘડપણને પાસે ફરકવા નહિ દે. આવી પ્રગતિ માટે નીચેની પૂર્વ તૈયારી કરવી પડે છે.

૧ નિરામય શરીરનો સથવારો આપણી પ્રગતિમાં મળી રહે માટે નિયમિત વ્યાયામ, પૌષ્ટિક આહાર અને નિયમિત ઊંઘ લેવાની ટેવ પાડવી જરૂરી છે.

૨ વાસનાઓ અને આવેગો જે શકિતનો હ્રાસ કરે છે તેને રોકવા પડે છે. તે માટે સારા વિચારો, સારી ભાવનાઓ, સારું વાંચન, સારી સોબત અને ઈશ્વર ભક્તિ મદદરૂપ થાય છે.

૩ વિશ્વ-શક્તિઓને પોતાના સ્વરૂપમાં સ્વીકારી સાચો આરામ ઊર્ધ્વ - ચેતનામાં રહી કેવી રીતે મેળવવો તે શિખવું પડે છે.

૪ પ્રભુ આપણા જીવનનું સંરક્ષણ કરે છે તે શ્રદ્ધા જવલંત બનાવી નિર્ભય રહેતા શીખવું પડે છે. ભય શક્તિક્ષય થવાનું મુખ્ય કારણ છે.

૫ આધ્યાત્મિક ભાવનાઓ પોષવી પડે છે. આને સ્વાધ્યાય કહે છે.

૬ આળસ ત્યાગી કર્મરત બનવું પડે છે. સનાતન યુવાની ત્યારે જ પ્રાપ્ત થાય છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૩૨

## પરા અને અપરા પ્રકૃતિ

સમજૂતી – કમલેશ માંડવિયા

- પ્રકૃતિ..... એટલે વિશ્વોને ઘડનાર અને તેનું સંચાલન કરનાર ચિન્મયી શક્તિનું બાહ્ય યાને કાર્યસાધક સ્વરૂપ. પૃ.૩૦
- (એ)..... અહીં જડ અને યાંત્રિક લાગે છે..... તેની પાછળ ભગવાનની ચિન્મયી શક્તિની જ્યોત રહેલી છે. પૃ.૩૦
- અપરા એટલે અવિદ્યામય અધોમુખ પ્રકૃતિ..... ભગવાનથી વિખુટી પડેલી... પરા પ્રકૃતિ એટલે સચ્ચિદાનંદની દિવ્ય પ્રકૃતિ જેમાં સૃષ્ટિનો આવિર્ભાવ કરનાર વિજ્ઞાનમય શક્તિનો સમાવેશ થાય છે. પૃ.૩૦
- માનવ અજ્ઞાનમાં..... તે અપરા પ્રકૃતિને વશ હોય છે..... અધ્યાત્મિક વિકાસ વડે તે પરા પ્રકૃતિ વિષે જાગ્રત બને છે. પૃ.૩૦
- માનવ એ દિવ્ય પ્રકૃતિમાં આરોહણ પણ કરી શકે છે તથા એ દિવ્ય શક્તિ તેનામાં અવતરણ પણ કરી શકે છે. પૃ.૩૦

શ્રી અરવિન્દ અહીં પ્રકૃતિનાં કાર્યો વિષે સમજ આપી રહ્યા છે.

મૂળભૂત રીતે તો પ્રકૃતિ એક દિવ્ય શક્તિ જ છે. જે પરમ પ્રભુના સંકલ્પને આવિર્ભાવ કરવા માટે કાર્યરત છે, અને કાર્ય સાધક પણ છે. પ્રકૃતિ તેના મૂળ

સ્વરૂપમાં દિવ્ય છે, પ્રકાશિત છે. પરમ પ્રભુ સાથે એકરૂપ છે. તો તે માનવને કેમ અભાન સ્વરૂપે કાર્ય કરતી લાગે છે?

તેનું કારણ છે, આ પ્રકાશિત પ્રકૃતિનું બાહ્યસ્વરૂપ માનવ સપાટી પરથી જોતો હોય છે અને તેના આધારે જ નિર્ણય કરે છે કે પ્રકૃતિ તો અભાન છે, આ બાહ્યસ્વરૂપને જોઈને જ સાધના કરવાની રીત અજ્ઞાનવશ હોય છે, તે અવિદ્યામાંથી બની આવે છે. તેથી જ માનવ ને પ્રકૃતિ બે ભાગોમાં વહેંચાયેલી લાગે છે. એક અપરા એટલે કે અશુદ્ધ, જડ કે યાંત્રિક અને બીજી પરા એટલે કે શુદ્ધ, દિવ્ય, પ્રકાશિત અને પ્રભુ સાથે એકરૂપ. આ બંને સ્વરૂપો તો પ્રકૃતિના જ છે, પરંતુ તેના સ્તરો મુજબ પોતાનામાં અનુભવતો હોય છે. શાસ્ત્રો પ્રકૃતિનાં આ બે પાસાંઓને નિમ્ન ગોળાર્ધ અને ઊર્ધ્વ ગોળાર્ધ તરીકે વર્ણવે છે.

અપરા પ્રકૃતિ એટલે કે અધોમુખ પ્રકૃતિ જે નિમ્ન સ્તરની હોય છે. માનવને સાધનામાં અધોગતિ કરાવનારી છે. તેનું કારણ એ હોય છે કે તે ભગવાનથી વિખુટી પડીને મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિ તરીકે જગતમાં માનવ દ્વારા કાર્ય કરતી હોય છે. આ વિખુટા પડવું તે જ અભાન અવસ્થા હોય છે અને તેથી જ સાધક પ્રકૃતિવશ નિમ્ન સ્તરની જિંદગી જીવતો હોય છે અને સર્વ સામાન્યરીતે અભાન અવસ્થામાં ઉત્ક્રાંત થતો હોય છે.

જ્યારે પરા પ્રકૃતિ સ્વયં-પ્રકાશિત હોય છે. ચિન્મય હોય છે. કારણ કે તે ભગવાનથી ાવખુટી પડીને નહી પરંતુ એકરૂપ થઈને જગતમાં કાર્યરત હોય છે. તેથી જ સાધકને પરા પ્રકૃતિ સંસર્ગથી એક પ્રકારની સાધનામાં પરમ-પ્રભુની નિકટતા, હાજરી અનુભવાય છે. પરા પ્રકૃતિ એ સચ્ચિદાનંદની દિવ્ય પ્રકૃતિ છે.

અજ્ઞાનમાં માનવ અપરા પ્રકૃતિને વશ હોય છે. સાધનાથી માનવ વિકાસ કરીને પરા પ્રકૃતિના સંપર્કમાં આવી શકે છે. અને તે દ્વારા તે દિવ્ય પ્રકૃતિમાં ઊધ્વારોહણ પણ કરી શકે છે. તે જ રીતે આ પરા પ્રકૃતિ માનવમાં અવતરણ પણ કરી શકે છે.

પ્રકૃતિના આ બે પાસાંઓ, નિમ્ન અને ઊર્ધ્વ ગોળાર્ધની અનુભૂતિ વર્ણવતા સાવિત્રીમાં કહે છે :

Across our nature's border line we escape
Into Supernature's arc of living light.
(Savitri, Page : 24)

# યોગસિદ્ધિઓનો વિવેકપૂર્ણ સ્વીકાર

પ્રકરણ - ૩૮
(ખંડ-૨, પૃ.૧૮૫-૧૮૬)
(૫-૪-૨૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : તમે કહેલું કે તૈલંગ સ્વામી ગંગાજળમાં નીચે કેટલાક દિવસ રહેતા. શું તે ક્ષમતાને ભૌતિક પૂર્ણતા ગણાવી શકાય?

શ્રી અરવિન્દ : ના, અતિમનસ જ પાર્થિવ-પરિપૂર્ણતા આપશે. તેમાં અચૂક બે ગુણધર્મો હશે. સત્યની ધારણા અને સંવાદિતા.

શિષ્ય : અતિમનસ દેહને અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે?

શ્રી અરવિન્દ : અષ્ટસિદ્ધિનો અર્થ શું?

શિષ્ય : શારીરિક અભેદતા!

શ્રી અરવિન્દ : મને ખબર નથી (અષ્ટસિદ્ધિનો તાત્વિક અર્થ છે અષ્ટધા પ્રકૃતિના આઠે આઠ તત્ત્વોમાં પરમ-ચેતનાને ધારણ કરીને પ્રગટ કરવાની ક્ષમતા. તેથી શરીરની સાકારતા, વજન બાબતની અક્કડતા, મનનું અજ્ઞાન, પ્રાણની સ્વામિત્વ બાબતની નિર્બળતા, બધું જ ગળી પડે છે અને ચેતનાની વ્યાપકતા, પ્રકાશમયતા, સત્ય સંકલ્પતા પ્રાપ્ત થાય છે. આ જ વસ્તુઓ શાસ્ત્રોમાંના અષ્ટસિદ્ધિનાં નામો જોતા સિદ્ધ થાય છે)

શિષ્ય : સિસ્ટર નિવેદિતાને વિવેકાનંદના મૃત્યુ પછી પણ તેમની હાજરી અનુભવાતી.

શ્રી અરવિન્દ : તે અશરીરી હાજરી ગણાય, ચેતનાની હાજરી ગણાય.

શિષ્ય : સ્વામી 'એક્ષ' એકી સાથે ત્રણ સ્થળે હાજર રહી શકતા.

શ્રી અરવિન્દ : ચૈતસિક હાજરી અથવા વૈચારિક મૂર્તિકરણ શક્ય છે.

શિષ્ય : દેહ ત્યાગ પછી વિવેકાનંદે શશીમહારાજને પોતાના દેહ ત્યાગના ખબર આપેલા.

શ્રી અરવિન્દ : ચૈતસિક હાજરીથી તે શક્ય છે, પણ આવી ઘટના સાધારણ રીતે મૃત્યુ બાદ થોડાજ અરસામાં થાય છે. તેમાં અપવાદ પણ છે જ.

શિષ્ય : રામકૃષ્ણ જીવતા હતા ત્યારે તેનો ભત્રિજો પોતાને ગામ જતો રહ્યો હતો અને ત્યાંના મંદિરમાં દુર્ગાપૂજા કરતો ત્યારે ત્યાં તેમની હાજરી અનુભવાતી. કહે છે કે હૃદયે તેવું વચન લીધેલું. તે વખતે કલકત્તામાં રામકૃષ્ણ સમાધિમાં ઉતરી જતા.

શ્રી અરવિન્દ : તેમાં બન્ને પક્ષોની ક્ષમતાઓ અને દૃઢ શ્રદ્ધાઓનો ઉપયોગ કરાય છે. તેથી તે અશક્ય નથી. એક પ્રાણમય અસ્તિત્વને સાકાર કરવાની ક્ષમતા વાપરે છે. બીજો તેને અનુભવવાની ક્ષમતા.

શિષ્ય : મારો એક ઉત્તર ભારતીય મિત્ર માને છે કે યોગીને બધું જ શક્ય છે.

શ્રી અરવિન્દ : જાણવાની ક્ષમતા હોવી એ વસ્તુ જુદી અને પ્રત્યક્ષ જાણવું એ વસ્તુ જુદી છે. પ્રસંગોપાત જરૂર હોય ત્યાં જાણવામાં આવે છે બાકી ભગવાન પણ બધું જ પોતાની મેળે યાદ રાખે તેવી શક્યતા નથી. યોગી પરમ-ચેતના સ્વરૂપ બની રહે તે જ મહત્ત્વનું છે. ભગવાન પણ તે માટે પોતાનો અધિકાર જુદાં જુદાં ક્ષેત્રમાં સોંપીને નિશ્ચિંત બન્યો છે

(અનુ. પૃ.૩૩ ઉપર)

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા

## સોમ

પ્રકરણ - ૮

સોમ અને ઈન્દુને એકરૂપ માનવામાં આવે છે. સોમો વૈ રાજેન્દુ (ઐ. બ્રા.૧,૨૯) છતાં તેમાં સૂક્ષ્મ તફાવત દર્શાવ્યો છે. પૂર્ણિમાનો ચંદ્ર તે સોમ બાકીના ચંદ્ર તે ઈન્દુ. પૂર્ણિમાના સોમને જ અહિં 'રાજેન્દુ' તરીકે ગણાવેલ છે.

પરમ-ચેતનાનો પ્રકાશ જ્યારે ચેતનાનો વિકાસ કરવા સંઘર્ષ કરતો હોય છે ત્યારે તે 'અગ્નિ' હોય છે. તે યુદ્ધ કરે છે. વિજય મેળવે છે. વિકાસ સાધે છે પણ જ્યારે વિકાસ પૂર્ણતાના આરે આવે છે તેમ તેમ સાધકના ચિત્તમાં આનંદરસ વધતો જાય છે. તે સુસંવાદમાં, શાંતિમાં, તૃપ્તિમાં રહેવા માંડે છે. આવી આનંદરસ સભર સ્થિતિ એ સોમની છે. તે અગ્નિની નથી.

તેથી ખરેખર તો અગ્નિ અને સોમ ચેતનાના વિકાસના બે અવિભાજ્ય તબક્કા માત્ર છે. તેનો સંકેત આપવા વેદોમાં અગ્નિ અને સોમને સાથે જ બોલાવવામાં આવે છે. તેમને તેઓ 'અગ્નિષોમ' કહીને સંબોધે છે.

આ અગ્નિ અને સોમ વચ્ચેનો તફાવત ઋષિઓ બે આખ્યાનોથી જુદા પાડશે. અગ્નિને માતરિશ્વાએ આકાશમાંથી પૃથ્વી ઉપર લાવેલો અને સોમને શ્યેન-પક્ષીએ પર્વતની ટોચ ઉપરથી લાવેલો. અગ્નિ શુદ્ધિકરણ શક્તિ છે. સોમ આનંદદાયક શક્તિ છે.

માતરિશ્વા એટલે શારીરિક તત્ત્વમાં ગુપ્ત, નિષ્ક્રિય રહેલી ચેતનાની પ્રાણશક્તિ. તે માતાના ખોળામાં સૂતેલા બાળક જેવી હતી. તેથી માતરિશ્વા, માતરી એટલે માતાના અને શ્વા એટલે ખોળામાં સુતેલી. આ માતરિશ્વા જ્યારે જાગે છે અને અભીપ્સાનો પોકાર કરે છે ત્યારે આકાશમાંથી, અંતરીક્ષમાંથી દિવ્ય-પ્રકાશરૂપી પ્રભુકૃપાનું અવતરણ થાય છે અને તેથી સક્રિય સબળ બનેલી અભીપ્સા સાધનામાં સક્રિય બને છે અને આપણા સ્વરૂપનાં તત્ત્વોનું શુદ્ધિકરણ કરે છે. આ છે

પ્રથમ આખ્યાનનું રહસ્ય. શુદ્ધિકરણથી ચેતના વિશાળ બને છે અને આનંદના અવતરણની ભૂમિકા રચે છે.

પર્વતની ટોચ એટલે માનવનું મસ્તક. તેની દશ આંગળ ઉપર (અત્યતિષ્ઠત્ દશાંગુલમ્ - પુરુષસુક્ત) જે નિરાકાર વિશાળ અસીમ ચેતના છે. તેની વિશાળતામાંથી પ્રગટ થતાં આનંદને નીચે લાવવાનું કામ, ઉર્ધ્વગામી બનેલી ચેતનાએ અર્થાત્ શ્યેન પક્ષીએ કર્યું અને શરીરનાં કોષેકોષમાં આનંદ તરીકે સ્થાપી આપ્યો. આ છે બીજા આખ્યાનનું રહસ્ય.

અગ્નિ સાધનાની શરૂઆત કરે છે. સોમ સાધનાના પરિણામ સ્વરૂપ છે.

તેથી મૈત્રાયણી સંહિતામાં આ બન્નેને - અગ્નિ અને સોમને સાધનાની બે આંખો તરીકે વર્ણવી છે (ચક્ષૌ વા અગ્નિષોમૌ - મૈત્રા સં.૩-૭-૧) શતપથ બ્રાહ્મણમાં અગ્નિ અને સોમને બે ભાઈઓ તરીકે વર્ણવેલા છે (અગ્નિષોમૌ ભ્રાતરાવબ્રવીત્ - શત બ્રા.૧૧-૧-૬-૧૯)

શતપથ બ્રાહ્મણ આથી પણ આગળ જઈને કહે છે કે જે સૂર્ય છે તે જ અગ્નિ છે અને તે જ સોમ પણ છે. (સૂર્ય એવાગ્નેયચંદ્રમાઃ સૌમ્યઃ। શત બ્રા. ૧-૬-૩-૨૪)

સોમ અર્થાત્ આંતરિક માનસિક આનંદને અમૃતનો પુત્ર કહેલ છે. તે સનાતન આત્મતત્ત્વ (અમૃત)માંથી પ્રગટ થાય છે. તેથી અમૃતનો પુત્ર. સોમો રાજા અમૃત સુત (યજુ. ૧૯-૭૨) તે વનસ્પતિઓમાં રસ ભરે છે (સોમોભૂત્વા રસાત્મકઃ ગીતા) તેથી તેને વનસ્પતીઓનો રાજા કહે છે. સોમો નમસ્ય રાજાનમ્ (ઋ ૯-૧૧૪-૧૪) નમસ્ એટલે વનસ્પતી. સોમના આનંદમય પ્રકાશને શરીરમાં (કોષોમાં) સ્થાપવાથી તે ઘડપણને નિર્મૂળ કરે છે સ્વે દમે સોમા હુતો જરસે મૂળયત્તમઃ (ઋ ૧-૯૪-૧૪)

સોમ જ્યારે પોષણ આપે છે ત્યારે તો તે અમરતાનું ઉત્પાદનકેન્દ્ર બની જાય છે. સોમો પૂષણા જનનારયીણાં અકૃણ્વન્ન અમૃતસ્ય નાભિમ્ (ઋ ૨-૪૦-૧) નાભિ એટલે કેન્દ્ર.

સુદ પ્રતિપદાના ચંદ્રને 'મઘુ' કહેવામાં આવે છે. પ્રથમાયા ઈન્દો મઘુશ્ચ દેવતા (ઋ ૨-૩૬ સા.ભા.) ફરી એક વખત વસ્તુ યાદ રાખીએ. પૂનમના ચંદ્રને જ 'સોમ' કહે છે. સુદ પ્રથમાના ચંદ્રને 'મઘુ' કહે છે અને વદપક્ષની ચૌદસના ચંદ્રને

સિનિવાલી કહે છે યા પૂર્વાડમાવાસ્યા સા સિનિવાલી (ઐ.બ્રા. ૭-૧૧) પૂનમના ચંદ્રને 'રાકા' પણ કહે છે. પૂનમના ચંદ્રનો પ્રકાશ એ રાકા અથવા સોમ છે. સંપૂર્ણ ચંદ્રા પૌણમાસી રાકા (ઋ ૨-૩૨-૪ સા.ભા.) બાકીના દિવસોના ચંદ્રને 'ચંદ્ર' કહે છે. અમાસના ચંદ્રને 'અમો' કહે છે. સિનિવાલીને દેવોની બહેન કહેલ છે. યા દેવાનામસિ સ્વસા (ઋ ૨-૩૨-૬)

સારાંશ, સાધના કરવાથી જે વધુ ને વધુ આત્મપ્રભાની ઝાંખી સાધકને થાય છે તેની ઉપમા ચંદ્રની સુદ વદની કલાઓને આપીને તે દ્વારા ઋષિઓ ચેતનાની વિવિધ અવસ્થાઓ પ્રતીકાત્મક રીતે સૂચવી રહ્યાં છે.

અમા અથવા અમાસ એ અનુભૂતિઓનો પાચનનો ગાળો છે. સિનિવાલી અર્થાત્ વદ ચૌદસ એ પાચનના ગાળાની શરૂઆત થવાનું સૂચન કરે છે. મધુ અથવા સુદ એકમનો ચંદ્ર અનુભૂતિની શરૂઆતની સ્થિતિ સૂચવે છે. ઋષિઓની શિષ્યોને સમજાવવાની આ પ્રતીકાત્મક ભાષા હતી. તે માટે જ રૂપક વાપરેલ છે કે સોમ ઋતુઓની રચના કરીને નવેસરથી જન્મે છે. ઋતૂં અન્યો વિદધજ્જાયસે નવઃ (અથર્વ - ૧૪-૧-૨૩).

સોમ અને ભગ દેવના કાર્યો વચ્ચે તફાવત છે. સોમ માનસિક આનંદની અવસ્થા છે કારણ ચંદ્રને મનનો કારક ગ્રહ દર્શાવેલ છે. જ્યારે ભગ એ આધ્યાત્મિક પ્રેરણાઓથી મળતો આનંદ છે. વિશ્વામિત્રની ગાયત્રી આજ અર્થમાં 'ભર્ગ' શબ્દ વાપરે છે.

મન દિવા જેવા પ્રકાશનું બનેલું છે. જે પીળાશ પડતો રતુમડો પ્રકાશ હોય છે. તેથી યજુર્વેદ જણાવે છે કે ચન્દ્રમા મનસો જાતઃ (યજુ. ૩૧-૧૨) તે જ અનુભૂતિને તૈત્તરિય બ્રાહ્મણમાં જુદાં શબ્દોથી અભિવ્યક્ત કરલી છે. ચન્દ્ર મારા મનમાં વસે છે. ચન્દ્રમા મે મનસિ શ્રિતઃ (તૈત્તિ.બ્રા. ૩-૧૦-૮-૫) સોમ અને ચન્દ્રમા અલગ દેવતા નથી પણ એક જ દેવતાના કાર્યના બે તબક્કાઓ છે. સોમો વૈ ચન્દ્રમાઃ (કોષી બ્રા.૧૬.૫) અથવા એતદ્વૈ દેવસોમં ચચ્ચન્દ્રમાઃ (ઐ.બ્રા.૭.૧૧) ફક્ત સોમ શબ્દ દ્વારા તેના માનસિક આનંદના પાસા ઉપર વધારે ભાર આપવામાં આવ્યો છે. જ્યારે ચન્દ્રમા શબ્દ દ્વારા તેના સૌમ્ય પ્રકાશમયતા ઉપર. (ક્રમશઃ)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## શ્રદ્ધા

પ્રકરણ - ૫

(પૃ. ૧૪-૧૫)

૧ **શ્રદ્ધા, વિશ્વાસ અને માન્યતા વચ્ચે શું તફાવત છે?**

શ્રદ્ધા એ ચૈતસિક હોય છે અને સમગ્ર સ્વરૂપ તે લાગણી તરીકે અનુભવે છે. માન્યતા એ મનોમય અથવા બૌદ્ધિક સ્વરૂપની માત્ર હોય છે. વિશ્વાસ એ પ્રાણમય આસ્થા અને અપેક્ષા સ્વરૂપની હોય છે. અને આત્મવિશ્વાસ તરીકે પ્રગટ થાય છે. તે સફળતાની અપેક્ષા રાખે છે.

૨ **'અંધ શ્રદ્ધા'નો અર્થ શું?**

ભૌતિક પુરાવા અથવા વૈજ્ઞાનિક પુરાવા વગરની શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહે છે. ખરેખર તે પ્રાણમય-વિશ્વાસ સ્વરૂપની હોય છે. અથવા પુરાવા વગરની માન્યતા માત્ર હોય છે.

સાચી શ્રદ્ધા પુરાવા અને જ્ઞાન પ્રાપ્ત થાય તે પહેલા જ આંતર-પ્રેરણાથી પ્રગટ થતી હોય છે. તે આધ્યાત્મિક અનુભૂતિઓ માટે અનુકુળ પરિસ્થિતિ સર્જે છે અને અનુભૂતિઓ જ અભૌતિક જ્ઞાન મેળવી આપે છે.

૩ **શ્રદ્ધા, સમગ્ર સ્વરૂપની હોય તો પછી ચૈતસિક, મનોમય, પ્રાણમય, શારીરિક શ્રદ્ધા વચ્ચે શો તફાવત છે?**

ચૈતસિક શ્રદ્ધા પ્રભુનો સંપર્ક કરાવે છે. તેમની પ્રત્યે સમર્પિત થાય છે અને અંતે તેમની સાથે એકરૂપ થઈ જાય છે. મનોમય શ્રદ્ધા શંકા-કુશંકાઓનો

સામનો કરી તેના દુષ્પરિણામો નિવારે છે અને સાચા જ્ઞાન માટે આપણને તૈયાર કરે છે. પ્રાણમય શ્રદ્ધા પ્રભુવિરોધી પ્રાણમય શક્તિઓ અને સત્વોનો સામનો કરે છે. તેમને બહાર ફેંકી દે છે અને પરાસ્ત કરે છે. શારીરિક શ્રદ્ધા વ્યક્તિને જડતા, આળસ, અવસાદ, નિરાશામાંથી આપણને બચાવે છે. શારીરિક નિરામયતા ટકાવી રાખે છે. સાધનાને મજબૂત આધાર આપે છે.

૪ **સક્રિય શ્રદ્ધા એટલે શું ? શું નિષ્ક્રિય શ્રદ્ધા પણ છે ?**

તમોમય, પરિણામશૂન્ય, જડ શ્રદ્ધાને નિષ્ક્રિય શ્રદ્ધા કહે છે. દા.ત. માતાજીની ઈચ્છા હશે ત્યારે હું સાધના કરીશ. સક્રિય શ્રદ્ધામાં શરૂઆતમાં સાધકના શ્રદ્ધાને અનુરૂપ અંગત પ્રયત્નો હોય છે. સાધના વિકસતા સાધકના અંગત પ્રયત્નોની જગ્યા પ્રભુ અથવા જગન્માતા પોતે લઈ કાર્ય કરે છે.

૫ **સંપૂર્ણ શ્રદ્ધા અને સમગ્ર સમર્પણ બાદ પણ શું પ્રભુની દિવ્ય-કરુણાની અપેક્ષા ઉચ્ચ અનુભૂતિઓ માટે જરૂરી છે ?**

સંપૂર્ણ શ્રદ્ધા અને સમગ્ર સમર્પણ થતાં જ દિવ્ય અનુભૂતિઓ સાધકની જાણ વગર તેના અવચેતનમાં કાર્ય કરવા જ લાગે છે. સાધકને થોડાંક ન સમજાય તેવા સંવેદનો તેના જાગે છે. પણ સમજી શકતો નથી. થોડીક તૈયારી બાદ તે અનુભૂતિઓ જાગૃત મનમાં થવા માંડે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન દિવ્ય-કરુણા તો કાર્ય કરતી જ હોય છે. દિવ્ય કરુણા જ અનુભૂતિઓ પૂર્વે અનુભૂતિઓને અનુકૂળ પરિસ્થિતિ સર્જે છે. આપણી સંપૂર્ણ શ્રદ્ધા અને સમગ્ર સમર્પણ વિકસાવવામાં પણ તેણે જ મદદ કરેલી હોય છે. દિવ્ય કરુણા વ્યક્તિ માટે સેવેલા પ્રભુના સંકલ્પને વાસ્તવિક કરવા જે અનુભૂતિઓ જરૂરી હોય તેનું આયોજન કરતી હોય છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# સંપ્રદાયોનું અસ્તિત્વ (૫૧-૫૨)
# દેવોનું મર્યાદિત મહત્ત્વ (૫૩)

પ્રકરણ - ૩૪ - ૩૫
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૯૧-૯૨ અને ૯૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**જુદાં જુદાં ધાર્મિક સંપ્રદાયોના ઝગડા તે જાણે જુદાં જુદાં વાસણો લડતાં હોય તેના જેવા છે..... દરેક વાસણ..... હું એકલું જ અમૃતત્વને ધારણ કરું છું એમ માને છે..... આપણે આ અમૃત પાસે પહોંચી જઈએ. પછી તે ભલે ગમે તે વાસણમાં ભરેલું હોય (૫૧)**

**તમે કહેશો કે આસવની અંદર પાત્રની સુવાસ આવતી હોય છે.... એ તો સ્વાદની વસ્તુ છે. અમૃતમાંનું અમૃતત્વ આપનારી શક્તિ ઓછી થવાની છે. (૫૨)**

બાળક : માતાજી, આ અમૃતત્વ શું છે ? શું તે શારીરિક અમૃતત્વ છે ? એક વખત અમૃત્વ પ્રાપ્ત થઈ જાય પછી સંપ્રદાયોનું શું કામ રહે છે ?

માતાજી : અમૃત એ પરમજ્ઞાન છે. પરમ-સત્ય છે. પરમાત્મા સાથેનું મિલન છે. તેમાં અમરતાનો ભાવ જાગે છે. મર્ત્યતાનો ભાવ નષ્ટ થાય છે.

જુદાં જુદાં સંપ્રદાયો એ પ્રભુ પ્રાપ્તિના જુદાં જુદાં માર્ગો છે. આપણા માટે મોર્ગોનું મહત્ત્વ નથી. તે સત્યને પ્રાપ્ત કરી લેવાનું એ જ મહત્ત્વનું છે.

ઘણા કહે છે અમુક સંપ્રદાયો માનવની પ્રકૃતિને ધ્યાનમાં લઈને કંડારેલાં છે.

તેથી તેમાં માનવી પ્રકૃતિને પણ પોષણ મળે છે. આનંદ મળે છે. તે જાણે અમૃતમાં ભળેલો સુગંધ છે. જો અમૃતત્વ સાથે સુગંધ પણ મળતી હોય તો તે સોનામાં સુગંધ છે.

પણ શ્રી અરવિન્દ કહે છે કે પ્રભુ સાથેનું મિલન જ એટલું મધુર છે કે તેની સામે આ પ્રકૃતિની પસંદગીઓને કોઈ મહત્ત્વ નથી. રુચિ પ્રમાણે સંપ્રદાય પસંદ કરવો હોય તો કરો પણ મહત્ત્વની રુચિ નથી. અમૃતત્વ છે. તેને કેમે કરીને પ્રાપ્ત કરી લો.

બીજું, અમરતાની ભાવના સ્થિર થાય તો તરત કાંઈ શારીરિક અમરતા પણ મળી જતી નથી. શરીરની અમરતા મેળવવા એક અલગ વધારાની પ્રક્રિયા કરવાની હોય છે. તેમાં તે અમરતાના ભાવ અને પ્રકાશને શરીરના કોષે કોષમાં પ્રવેશ કરાવી ત્યાં સ્થિર કરવાને હોય છે. તે પ્રકાશ કોષોનું રૂપાંતર કરે છે અને અંતે સમગ્ર શરીરનું રૂપાંતર થાય છે.

ત્રીજી વાત. વ્યક્તિનું શરીર સંપૂર્ણ રૂપાંતર ત્યારે જ પ્રાપ્ત કરશે, જ્યારે સમગ્ર માનવ જાતનાં બધાં જ શરીરો રૂપાંતર પામશે. તેથી સમગ્ર માનવ શરીરોના શારીરિક તત્ત્વનું રૂપાંતર કરવાનો આ પ્રશ્ન છે.

અર્થાત્ વૈશ્વિક-શારીરિક તત્વના રૂપાંતરને જ મહત્વ અપાય છે. તેમાં પોતાના શારીરિકનું રૂપાંતર આવી જ જાય છે.

જ્યારે તે પણ સિદ્ધ થશે પછી સંપ્રદાયોના અસ્તિત્વનું કોઈ કારણ જ નહીં રહે. જ્યાં સુધી તે શક્ય નથી ત્યાં સુધી તે રહેશે. કારણ સામાન્ય લોકો માટે તે જરૂરી છે.

* * *

**હે વરુણ, મારામાં વિસ્તાર પામો, હે ઈન્દ્ર મારામાં બળવાન બનો. ઓ સૂર્ય, તમે અતિશય તેજોમય અને પ્રકાશવાન બનો, હે ચંદ્ર, તમે મોહકતા અને મધુરતાથી સમૃદ્ધ બનો. હે રુદ્ર, તમે ભીષણ અને ભયંકર બનો. હે મરુતો, તમે ઉગ્ર અને વેગીલા બનો, હે અર્યમા, તમે બળવાન અને**

**હિંમતવાન બનો. હે ભગ, તમે આલ્હાદદાયક અને આનંદદાયી બનો, હે મિત્ર તમે સુકોમલ, માયાળુ અને પ્રેમમય તથા ભાવમય બનો. હે ઉષા, તું તેજસ્વી અને પ્રકાશ પાડનારી થા. હે રાત્રી, તું ગંભીર અને ગર્ભવતી બનો. ઓ જીવન તું સભર બન, સજ્જ અને ઉત્સાહમય બન. હે મૃત્યુ, તું મારા કદમને ભવને ભવને લઈ જા. હે બૃહસ્પતિ, આ બધામાં સંવાદ રચો, ઓ કાલી, મને આ દેવોનો દાસ ના બનાવીશ (૫૩)**

બાળક : માતાજી, શ્રી અરવિન્દ કાલીને સૌથી વધુ મહત્ત્વ શા માટે આપે છે?

માતાજી : પ્રભુરૂપ પરમ-ચેતનાના અનેક પાસાંઓ છે. દરેક દૈવી-સત્ય એકએક પાસુ વિકસાવે છે. એમની મદદ લેવી જરૂરી છે પણ તેઓને પરમ-પ્રભુ સમજી બેસવું એ યોગ્ય નથી. કાલી પરમ-પ્રભુના સાક્ષાત્કારમાં આડે આવતી દરેક વસ્તુને ભાંગી નાખે છે. તેથી દેવોને વધુ પડતું મહત્ત્વ આપવાને પણ તેઓ ભાંગી નાખે જ છે.

કાલી આ અતિમાનસિક સંપર્ક ધરાવતી દેવતા છે. તે તમને અધિમનસને વટાવી અતિમનસમાં પ્રવેશ અપાવે છે. તેમની ચેતના દેવો કરતા વધારે વિશાળ, શક્તિશાળી અને પરમ-ચેતનાની પાસે છે.

શ્રી અરવિન્દે માહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીને અતિમનસ કક્ષા સાથે સંપર્ક ધરાવતા માતૃ-સ્વરૂપો ગણેલાં છે. દરેકના નામમાંનો ‘મહા’ શબ્દ એ જ સૂચવે છે તેમના અધિમાનસિક રૂપો પણ છે જ. જેમને ઈશ્વરી, કાલી, લક્ષ્મી, સરસ્વતી કહે છે. આ સૂત્રમાં શ્રી અરવિન્દે કાળી શબ્દ મહાકાળીના સંદર્ભમાં જ વાપરેલો છે.

દરેક સાધકે દૈવી-સત્ત્વોની મદદ તો લેવાની જ છે. પણ તેમના ગુલામ નથી બની જવાનું. ગીતા કહે છે તેમ માનવ અને દેવો એકબીજાને મદદરૂપ થવા જોઈએ. ‘પરસ્પરં ભાવયંતઃ’ તેમ એકબીજાની મદદથી જ તેઓ પરમ-પદને પ્રાપ્ત કરી શકે છે.

## પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

# ૨૪ નવેમ્બર - અધિમનસ સિદ્ધિદિન - દર્શનદિન

૨૪ નવેમ્બર ૧૯૨૬ના રોજ શ્રી અરવિન્દે પૃથ્વીની પાર્થિવ ચેતનામાં અધિમનસનો આવિર્ભાવ સિદ્ધ કરી આપ્યો છે. અધિમનસની આ સિદ્ધિને શ્રી અરવિન્દ આશ્રમ અને જ્યાં જ્યાં શ્રી અરવિન્દના અનુયાયીઓ વસે છે તે સર્વે સિદ્ધિદિન તરીકે ઉજવે છે.

અધિમનસચેતનાને શ્રી અરવિન્દ કૃષ્ણ ચેતના પણ કહેતા હતા. શ્રી કૃષ્ણે અવતાર ધારણ કર્યો હતો ત્યારે તે માનવની અપરા પ્રકૃતિ સાથે આર્વિભૂત થયા ન હતા. શ્રી અરવિન્દ સામાન્ય માનવરૂપે અપરાપ્રકૃતિ સાથે જન્મ લીધો હતો. શ્રી અરવિન્દે પોતાની સાધના દ્વારા એ સાબિત કર્યું છે કે માનવ અભીપ્સા સેવે તો તે શ્રી કૃષ્ણની પરાપ્રકૃતિ ધારણ કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે. શ્રી અરવિન્દે અધિમનસની સિદ્ધિ પોતા પુરતી સિમિત રાખી નથી પરંતુ સમગ્ર માનવજાત આ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે તે સિદ્ધ કરી આપ્યું છે.

ગીતામાં અપરા પ્રકૃતિ અને પરાપ્રકૃતિ વિશે સમજાવ્યું છે.

‘‘ભૂમિરાયોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ।

અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા।। (ગીતા : અ : ૭ :શ્લોક : ૪)

પંચ મહાભૂત મન, બુદ્ધિ અને અહંકાર એ પ્રમાણેની ભિન્નતાવાળી મારી અષ્ટધા પ્રકૃતિ છે. આ નિમ્ન પ્રકૃતિ છે અને રૂપાત્મક છે.

અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્।

જીવભૂતા મહાબાહો યયેદં ધાર્યતે જગત્। (ગીતા : અ : ૭ : શ્લોક : ૫)

પરંતુ એનાથી (અપરાપ્રકૃતિથી) જુદી એવી એક મારી પ્રકૃતિ છે જે અહીં અનંત જીવરૂપ થયેલી છે અને જેના વડે આ જગત ટકી રહ્યું છે, તેને પણ તું

જાણ, આ બીજી તે માટે પરા પ્રકૃતિ છે.

ગીતામાં સમજાવ્યા મુજબ શ્રી કૃષ્ણની પ્રકૃતિ પરા પ્રકૃતિ છે. આ પરા પ્રકૃતિ એટલે બ્રહ્મની અનંત ચેતનાવાળી સદ્‌વસ્તુ છે, જેમાં દિવ્યશક્તિ સ્વભાવથી જ રહેલી છે અને તેનું કાર્ય દિવ્ય રીતે થાય છે. બ્રહ્મમાંથી આ સચેતન શક્તિનું કામ વિકાસના ક્રિયામાં પ્રગટ થવું એ જ છે.

શ્રીમદ ભાગવત્‌માં જ્યારે શ્રી કૃષ્ણ અવતાર ધારણ કરે છે એટલે જન્મે લે છે ત્યારે જેલના તમામે તમામ બંધનો તોડી ગોકુલમાં નંદબાબાને ત્યાં જાય છે. અધિમનસ ચેતના પણ અષ્ટધા પ્રકૃતિના તમામ બંધનો તોડી અનંત ચેતનાને આર્વિભૂત કરી આપે છે અને તે બ્રહ્મની દિવ્ય શક્તિનું સ્થાપન કરી આપે છે.

પરમ પ્રભુનો અંશ જીવ આ જગતમાં અપરા પ્રકૃતિના બંધનથી બંધાયેલો પાર્થિવ શરીર, પ્રાણ અને મનના બંધનને કારણે માયામાં બંધાયેલો રહે છે. અધિમનસ ચેતના જીવને આ માયાના બંધનમાંથી મુક્ત કરી બ્રહ્મતત્ત્વ સાથે મિલન કરાવી આપે છે. જે દ્વારા પરમ પ્રભુની લીલાનો આનંદ અનુભવે છે.

બ્રહ્મમાં પુરુષ-પ્રકૃતિ એ પ્રકારનો દ્વૈતભાવ હોતો નથી. પરંતુ બ્રહ્મમાં પુરુષ અને પ્રકૃતિ અદ્વૈતરૂપે અસ્તિત્વ ધરાવે છે. જે રીતે સૂર્યમાં સૂર્યનો પ્રકાશ અને સૂર્યની ઉર્જા એકરૂપ છે. અલગ અસ્તિત્વ નથી. અદ્વૈતના અસ્તિત્વને કારણે જીવ સુખ-દુઃખ, લાગણી-ઈર્ષા, યુદ્ધ-શાંતિ વિગેરે તમામ દ્વન્દ્વોથી મુક્ત થઈ ફક્ત દિવ્ય પ્રેમ અને આનંદને અભિવ્યક્ત કરે છે.

અધિમનસ ચેતના એ નિમ્ન ગોલાર્ધ અને ઊર્ધ્વ ગોલાર્ધના સીમાડાની ચેતના છે. આ સંગમ સ્થાને નિમ્ન ગોલાર્ધના સત્યમ્‌, શિવમ્‌, સુન્દરમ્‌. આ ત્રણે સત્‌, ચિત્‌, આનંદમાં પ્રવેશ કરે છે.

ચેતનાના નિમ્ન ગોલાર્ધમાં અચિત્‌, અવચેતન, પાર્થિવ ચેતના, પ્રાણમય ચેતના, મનોમય ચેતના, ઊર્ધ્વમન, પ્રકાશમય મન, પ્રેરણાત્મક મન હોય છે. જ્યારે ઊર્ધ્વ ગોલાર્ધમાં અતિમનસ, સત્‌, ચિત્‌ અને આનંદ

રહેલાં છે.

આ નિમ્ન ગોલાર્ધના સીમાડાના સ્થાને અધિમનસ ચેતના રહેલી છે. અધિમનસમાંથી ચેતના અવક્રાન્ત પામે તો નિમ્ન ગોલાર્ધમાં પ્રવેશ પામે. અધિમનસ ચેતના ઉત્ક્રાન્ત થાય તો ઊર્ધ્વ ગોલાર્ધમાં પ્રવેશ પામે.


ચેતનાની ઉત્ક્રાંતિમાં ચેતના અધિમનસમાં પ્રવેશ કરે છે ત્યારબાદ તે ક્યારેય પણ નિમ્ન ગોલાર્ધમાં અવક્રાન્ત થતી નથી. પરંતુ ઉત્ક્રાંત થઈ ઊર્ધ્વગોલાર્ધમાં પ્રવેશ પામે છે.

અધિમનસ ચેતના ધારણ કરતો જીવ પોતે કેન્દ્ર સ્થાને રહે છે. જ્યારે નિમ્ન ગોલાર્ધના જીવો તેના પરિઘ રૂપે રહે છે. પરિઘ ઉપર રહેલા જીવોમાં કેન્દ્ર સ્થાને રહેલો અધિમનસ ચેતનાવાળો જીવ પ્રભુનો પ્રેમ, આનંદ પ્રસરાવે છે. જેને કારણે પરિઘ ઉપર રહેલા જીવો પરમ પ્રભુ પ્રત્યે આકર્ષાય છે. પ્રભુના ભક્ત થવાથી પોતાની અંદર પ્રભુની ચેતના અનુભવે છે અને તે ચેતના દ્વારા જીવન વ્યતિત કરે છે. ભક્ત જીવ પ્રભુની ચેતના દ્વારા જીવન વ્યક્ત કરતો તમામ પ્રકારની નિર્બળતાથી મુક્ત થઈ ભયમુક્ત જીવન વ્યતીત કરે છે.

અધિમનસ ચેતના પ્રાપ્ત કરેલ જીવ ગમે ત્યાં હોય, પર્વતની ટોચ ઉપર હોય કે પછી અંધારી ગુફામાં, તે હંમેશા પરમ આનંદ, પ્રેમ અને શક્તિના અસ્ખલિત પ્રવાહરૂપે રહે છે. જે દ્વારા જીવ ફક્ત પરમ ચેતનાનો સાદ સાંભળે છે અને પરમ ચેતનાના પથ ઉપર ચાલે છે.

આપણે સૌ શ્રી અરવિન્દે વિકસાવેલ સિદ્ધિના માર્ગમાં ઉત્ક્રાંત થઈ અધિમનસ ચેતનાને આપણામાં આર્વિભૂત કરીએ એ માટે કરુણામયી મા ભગવતી પાસેથી જ્ઞાન, પ્રેમ, પ્રકાશ, શક્તિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

A prayer, a master act, a king idea,
Can link man's strength to a transcendent Force.
Then miracle is made a common rule,
One mighty deed can change the course of things.

Sri Aurobindo (Savitri - B-1, C-2, P-20)

## ઉત્ક્રાંતિની નવી શોધ

ભાવાનુવાદ

એક પ્રાર્થના કે સાચું કર્મ, કે અતિ ભવ્ય કલ્પના,
પરાત્પર સાથે જોડી દે, ક્ષુદ્ર માનવ-બળને કદા.
એક સમર્થકાર્ય પણ, નવી દિશા આપી દે,
પછી ચમત્કાર નિયમ બને ને, ઉત્ક્રાંતિનો નવ-માર્ગ ચાતરે.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

## ષષ્ઠ સપ્તર્ષિ - જમદગ્નિ

જમદગ્નિ ઉપાસક ગણ્યા, શ્રીવિદ્યાના વિશેષ,
શ્રીવિદ્યા આત્મશક્તિને, પ્રગટાવે જીવને અશેષ.

આત્મ-ગુણો અપ્રગટ રહે, સ્વ-મગ્ન આત્મા-મહિ,
તેમને શાસ્ત્રો 'શ્રી' કહે, એવી પરંપરા રહી.

તે પ્રગટ થતા, લક્ષ્મીરૂપ બની જાત,
લક્ષ્મી લક્ષમાં આવતી, પ્રગટ ને નક્કર ખાસ.

આત્માને શારીરિક તત્ત્વમાં, પ્રગટાવે શ્રીવિદ્યા,
પ્રગટ દૈવી-સંપત્તિ બને, મન, પ્રાણ ને, તનમાં.

પણ તે માટે રૂપાંતરની ગણી, ખાસ પદ્ધતિ અભિજાત,
તે જ શ્રીવિદ્યાનું લક્ષ્ય ગણ્યું, જીવતા જીવને પરમાર્થ.

પ્રતિબીજમંત્ર પ્રકાશરંગ રૂપ, તેનું ધ્યાન ધરે,
સાથે નિશ્ચિત ક્રમે ઉચ્ચારતા, એ બીજમંત્રો ભણે,

તે થકી રૂપાંતર કરે, સ્થૂળ સૂક્ષ્મ શરીર,
તે દ્વારા પ્રભુ-શ્રી પ્રગટાવતા, એ નેમ શ્રીવિદ્યાની જરૂર.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત